પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૬૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૧૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 65 PRICE :-RS. 1.50 DATE : 09-11-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા

## વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૨માં શિક્ષણક્ષેત્રને મહત્વ આપવામાં આવશે

અમદાવાદ,

નવી એજ્યુકેશન પોલીસીનો સંપૂર્ણ અમલ થતા ૨૦ વર્ષ લાગે તેમ છે પરંતુ ૩ વર્ષથી લઈને દસ વર્ષમાં સરકાર સંપૂર્ણ અમલ કરવા માંગે છે.આ રોડ મેપને આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સરકાર દ્વારા લોન્ચ કરવામા આવશે.આ રોડ મેપના આધારે સરકાર દ્વારા રાજયની યુનિ.ઓમાં રાજય બહારના અને વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પણ સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઈન હેઠળ વધારવા માંગે છે અને ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે નવા ફોરેન




પ્લેયર્સ પણ આવે અને રોકાણ પણ વધે તેવી પણ ચર્ચા છે.કોરોનાને કારણે ૨૦૨૧માં વાઈબ્રન્ટ સમિટ યોજી શકાઈ નથી. હવે સરકારે ૨૦૨૨માં વાઈબ્રન્ટ સમિટ યોજવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સમિટમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગામી દસ વર્ષ માટેનો રોડ મેપ લોન્ચ કરવામાં આવશે. આ રોડ મેપ બનાવવા માટે હાલ યુનિ.ઓના કુલપતિઓની નિમાયેલી કોર કમિટીને કામગીરી સોંપી દેવાઈ છે.કેન્દ્ર સરકારે નવી એજ્યુકેશન પોલીસી લાગુ કરી દીધા બાદ હવે ગુજરાતમાં તેનો ત્વરીત અમલ કરવા માટે સરકારે આયોજનો શરૂ કરી દીધા છે અને જે અંતર્ગત કમિટીઓની રચના બાદ આગામી શૈક્ષણિક વર્ષથી કોર્ષ-પરિણામ પેટર્ન સહિતની કેટલીક મહત્વની બાબતોનો તમામ યુનિ.ઓમાં સમાનપણે અમલ કરવાની યોજના છે. આ ઉપરાંત સરકાર દ્વારા ગુજરાત યુનિ.અને જીટીયુના કુલપતિ તેમજ ઉચ્ચ શિક્ષણના અધિકારીઓ સાથેની એક કોર કમિટી પણ તાજેતરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નક્કી કરવામાં આવી છે. આ કમિટીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ સાથે ગુજરાત ઉચ્ચ શિક્ષણ વિકાસ, વિસ્તાર અને વ્યાપ કઈ રીતે થશે તે માટે દસ વર્ષનો રોડ મેપ તૈયાર કરવાની પણ કામગીરી સોંપવામા આવી છે. આ કમિટી સરકારને દસ વર્ષનો રોડ મેપ તૈયાર કરીને આપશે. આ રોડ મેપમાં દસ વર્ષના સરકારના આયોજનોની જાહેરાત કરાશે. સુત્રો દ્વારા જણાવ્યું કે હાલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારીઓ ચાલી રહી છે અને જેમાં શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ માટેનો દસ વર્ષનો રોડ મેપના લોન્ચિંગ માટેની ખાસ તૈયારીઓ કરવામા આવી રહી છે.આ રોડ મેપ સરકારનું શિક્ષણ ક્ષેત્રે આગામી દસ વર્ષનુ વિઝન રજૂ કરશે અને જેની કામગીરી કુલપતિઓની કમિટીને સોંપાઈ છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સાતથી આઠ રોડ શો યોજાતા અને આખોય મહિના થોડા સમયનાં અંતરે એક - એક ટીમ રોડ શો માટે વિદેશ જતી હતી. તેનાથી વિપરીત આ વખતે ત્રણ ટીમો એક જ તારીખે એટલે ૨૨મીથી ૨૬ નવેમ્બરે ફોરેન રોડ શોમાં જશે. તેમાં યુએસએમાં પ્રિન્સીપલ સેક્રેટરી જે પી ગુપ્તાની ટીમ સાથે ઉદ્યોગપતિઓ જશે. આ ઉપરાંત બીજી ટીમ જાપાન અને કોરીયામાં રોકાણ આકર્ષતા રોડ શો યોજશે. જેને શ્રમ અને રોજગાર વિભાગમાં પ્રિન્સીપલ સેક્રટરી અંજુ શર્મા લીડ કરશે. રૂરલ ડેવલપમેન્ટ કમિશનર સોનલ મિશ્રાની ટીમ જર્મની ફ્રાન્સ અને નેધરલેન્ડ જશે. હવે જાન્યુઆરી ૨૦૨૨માં યોજાનારી સમિટ માટે અગાઉ જેટલા દેશોમાં રોડ શો યોજવામાં આવતા હતા, તેના કરતાં અડધા દેશોમાં ગુજરાતના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ રોડ શો માટે જશે. અગાઉ સાતથી આઠ ટીમો તમામ ખુણાઓમાં ગુજરાતમાં ઓદ્યોગિક રોકાણ અંગે રોડ શો કરવા જતી હતી. આ વખતે તે ઘટીને માત્ર ચાર ટીમ જ થઈ ગઈ છે. તેમાં પણ હવે વાઈબ્રન્ટ સમિટના આયોજનને ગણતરીના મહિના જ બાકી છે, તેથી પ્રવાસ પણ ખુબ ટુંકા રાખવામાં આવ્યા છે. અગાઉ બિઝનેસમેન અને ઉદ્યોગ જુથ સાથે બેઠકો કરવા આઠથી દસ દિવસના પ્રવાસના સ્થાને હવે માત્ર પાંચ થી છ દિવસના રોડ શો યોજાશે.

## અમદાવાદમાં દિવાળીના તહેવાર પર ૧૭૫થી વધુ જગ્યાએ આગ લાગવાના બનાવ બન્યા

અમદાવાદ,

દિવાળીના તહેવારમાં ફટાકડા સિવાય શોર્ટ સર્કિટ, ગેસ લીકેજ, અને અન્ય કારણોસર ૬૫થી વધુ કોલ મળ્યા હતા જેમાં અમદાવાદના શાહપુર, નારણપુરા, કાલુપુર, બહેરામપુરા, ગોમતીપુર, ખોખરા, નારોલ, અસલાલી,વટવા, સોલા, બોડકદેવ, નવરંગપુરા, શીલજ, બોપલ, અમરાઈવાડી, ઘીકાંટા, દાણીલીમડા વિસ્તારમાં આગ લાગી હતી. દિવાળીના તહેવારોમાં આગ અકસ્માતના બનાવોમાં કામગીરી માટે ફાયર બ્રિગેડ વિભાગ સ્ટેન્ડ ટુ હતો. ફાયરબ્રિગેડના ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટ સહિત ૩૦થી વધારે અધિકારીઓ, ૩૫૦થી વધારે ફાયર કર્મચારીઓ, ૧૦૦થી વધારે ફાયરના વાહનોનો ઉપયોગ કરી હજારો લીટર પાણીનો મારો કરી આગને ઝડપથી કાબુમાં લઈ જાન અને માલને બચાવ્યા હતા. આ વર્ષે ફાયર બ્રિગેડ દ્વારા પેટ્રોલિંગ તેમજ ૮ સ્થળે સ્ટાફ મુકવામા આવ્યા હતા. જેના કારણે આગની ઘટના મોટી થતા ટાળી શકાઈ છે.કોરોના મહામારીના કારણે ગત વર્ષે દિવાળીના તહેવારોમાં ડરના કારણે ફટાકડા ઓછા ફૂટ્યા હતા. જો કે આ વર્ષે કોરોનાના ડર વગર લોકોએ ખૂબ જ મોટા પ્રમાણમાં ફટાકડા ફોડતા અમદાવાદ શહેરમાં આગના બનાવો વધારો નોંધાયો છે. દિવાળીના તહેવારોના ૭ દિવસોમાં અમદાવાદમાં ૧૭૫થી વધુ આગના કોલ અમદાવાદ ફાયરબ્રિગેડ કંટ્રોલરૂમને મળ્યા છે. ફટાકડાના કારણે આગ લાગી હોવાના અંદાજે ૭૦ ટકા કોલ હતા. જો કે સારી વાત એ છે કે કોઈ મોટી આગનો બનાવ કે ફટાકડાના કારણે જાનહાનિ થઈ હોય એવી ઘટના અમદાવાદ શહેરમાં બની નથી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ અમદાવાદમાં દર વર્ષે દિવાળીના તહેવારો દરમ્યાન ૮૦થી ૯૦ જેટલા કોલ નોંધાતા હતા. જેની સામે આ વર્ષે ૧૭૫થી વધુ આગના કોલ ફાયરબ્રિગેડને મળ્યા હતા. જેમાં ૧૨૦ જેટલા કોલ ફટાકડાના કારણે અને ૬૬ કોલ અન્ય આગની ઘટનાના નોંધાયા.૧ નવેમ્બરથી લઈને ૭ નવેમ્બર સુધીમાં કુલ ૧૭૫થી વધુ કોલમાં દિવાળી અને બેસતા વર્ષના દિવસે સૌથી વધુ કોલ મળ્યા હતા. દિવાળીના દિવસે ૩૪ અને બેસતા વર્ષના દિવસે ૫૦ જેટલા કોલ મળ્યા હતા. અમદાવાદમાં સૌથી વધુ આગના ૬૫થી વધુ બનાવ શહેરના પશ્ચિમ વિસ્તારમાં જ બન્યા હતા. ફાયરબ્રિગેડ મુજબ અમદાવાદ શહેરમાં દરીયાપુર, કાલુપુર, બાપુનગર, ઓઢવ, ગોમતીપુર,વટવા, મણિનગર, નારોલ,અસલાલી, નરોડા, ચાંદખેડા, નારણપુરા, રાણીપ, વાસણા, પ્રહલાદનગર, સાબરમતી, ગોતા વિસ્તારમાં આગના કોલ મળ્યા હતા. જેમાં મકાનમાં ૨૪, ફેક્ટરીમાં ૧૨, કચરામાં ૫૯ વાહનમાં ૦૫, દુકાનમાં ૦૯, ગોડાઉનમાં ૦૮, ફટાકડાની લારીમાં ૦૧, ઝાડમાં ૦૭, રેલવે ઓફિસમાં ૦૧ એમ આગના બનાવો બન્યા હતા અને ફાયરબ્રિગેડની ટીમે સમયસર પહોંચી આગને કાબુમાં લીધી હતી. ફટાકડાને કારણે લાગેલી આગો ને કારણે મહદઅંશે કચરો,ફર્નિચર, મશીનરી, લાકડું, મકાનની મિલકત, ઈલેક્ટ્રીક વાયરીંગ, ઘરવખરી વગેરેને નુકસાન થયું હતું.

## છત્તીસગઢમાં CRPF કેમ્પમાં હિંસક ફાયરીંગ : ૪ જવાન શહીદ



છત્તીસગઢ,

છત્તીસગઢના સુકમામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના એક જવાને ગત મોડી રાત્રે AK-47 વડે તેના સાથી જવાનો પર ફાયરિંગ કર્યુ હતું. આ ઘટનામાં ૪ જવાન શહીદ થયા હતા, જ્યારે ૩ ઘાયલ થયા છે. એમાં બે જવાનની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમને ચોપરથી રાયપુર રિફર કરવામાં આવ્યા છે. ઘટના બાદ આરોપી જવાનને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. ફાયરિંગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. ઘટના કોન્ટાના લિંગનપલ્લી ગામમાં સ્થિત ૨૧૭ બટાલિયન કેમ્પની છે. મોડી રાત્રે લગભગ ૩.૧૫ કલાકે CRPF જવાન રિતેશ રંજને તેના સાથી જવાનો પર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં ગોળી વાગવાથી બે જવાનોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. આ કેમ્પમાં ૮૫મી બટાલિયનના જવાનોનો એક કેમ્પ પણ છે. મોડી રાત્રે ગોળીબાર થતાં હોબાળો મચી ગયો હતો. અન્ય જવાનો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાર બાદ અધિકારીઓને આ ઘટના બાબતે જાણ કરવામાં આવી હતી. CRPF કેમ્પનો જે જવાન, જેના પર તેના સાથીદારો પર ફાયરિંગ કરવાનો આરોપ છે, તે મોડી રાત્રે નક્સલવાદી વિસ્તારમાં ફરજ પર હતો. આ દરમિયાન જવાનો વચ્ચે થોડો વિવાદ થયો હતો, જે હિંસામાં ફેરવાઈ ગયો. આ પછી CRPFના જવાને સાથી જવાનો પર ફાયરિંગ શરૂ કરી દીધું. આ જ ઘટનામાં CRPFના ચાર જવાન શહીદ થયા હતા. ઘટના બાદ સીઆરપીએફના અધિકારીઓ આ મામલે તપાસ કરી રહ્યા છે. જવાને તેના સાથીઓ પર શા માટે ફાયરિંગ કર્યું એ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. ઘાયલ જવાનોને કેમ્પથી લગભગ ૧૧ કિમી દૂર તેલંગાણાના ભદ્રાચલમની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન ૩ જવાનનાં મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૨ની હાલત નાજુક જાણવા મળી હતી. તેમને ચોપરથી રાયપુર રિફર કરવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે પરસ્પર દુશ્મનાવટ કે માનસિક સંતુલન બગડવાના કારણે આરોપી જવાને ફાયરિંગ કર્યું હતું. એક દિવસ પહેલાં પણ તેનો સાથી જવાનો સાથે વિવાદ થયો હતો. આરોપી જવાન ઘણા દિવસોથી પરેશાન હતો. ફાયરિંગની ઘટનામાં માર્યા ગયેલા બે જવાન બિહારના હતા, જ્યારે એક પશ્ચિમ બંગાળનો હતો. ચોથા જવાન વિશે હજુ માહિતી મળી નથી. મૃતક જવાનોમાં બિહારનો રહેવાસી ધનજી અને રાજમણિ કુમાર યાદવ તેમજ પશ્ચિમ બંગાળના રહેવાસી રાજીબ મંડલ અને અન્ય એક જવાન ધર્મેન્દ્ર કુમાર પણ સામેલ છે. આ સિવાય જવાન ધર્મેન્દ્ર કુમાર સિંહ, ધર્માત્મા કુમાર અને મલય રંજન મહારાણા ઘાયલ થયા છે.

## દિલ્હીમાં આતંકવાદી હુમલાની શંકા : ૧૨ વિદેશીઓની ધરપકડ

નવી દિલ્હી,

દક્ષિણ-પૂર્વ જિલ્લામાં કેટલાય વિદેશીઓ ગેરકાયદેસર રીતે પણ વસી રહ્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, પાકિસ્તાનની કુખ્યાત ઈન્ટર સર્વિસીઝ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ)નો આતંકવાદી મો. અશરફ આશરે ૧૮ વર્ષ સુધી ભારતમાં રહ્યો હતો. તે અહીં આતંકવાદી ઘટનાઓને અંજામ આપી રહ્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓ વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજધાનીમાં આતંકવાદી હુમલાની આશંકાઓ વચ્ચે પોલીસે દિલ્હીમાં ગેરકાયદેસર રીતે અને અવધિ સમાપ્ત થયા છતાં રોકાયેલા વિદેશીઓનો ડેટા એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. જાણવા મળ્યા મુજબ દિલ્હીમાં કેટલાય હજાર જેટલા વિદેશીઓ ગેરકાયદેસર રીતે વસી રહ્યા છે. અનેક વિદેશીઓ એવા છે જેમની રોકાવાની અવધિ સમાપ્ત થઈ ગઈ છે. પાકિસ્તાની નાગરિક મો. અશરફ પકડાયો ત્યાર બાદ દિલ્હી પોલીસે આ પગલું ભર્યું છે. એક પોલીસ અધિકારીના કહેવા પ્રમાણે વિદેશી નાગરિકોને શોધવાનું કામ યુદ્ધ સ્તરે ચાલી રહ્યું છે. દિલ્હી પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, ગૃહ મંત્રાલયના આદેશ બાદ વિદેશી ક્ષેત્રીય પંજીકરણ કાર્યાલય (એફઆરઆરઓ)એ દિલ્હીમાં ગેરકાયદેસર રીતે અને સમય અવધિ સમાપ્ત થયા બાદ રોકાયેલા વિદેશી નાગરિકોની યાદી પોલીસને મોકલી આપી છે. દિલ્હી પોલીસે દરેક જિલ્લામાં રહેતા વિદેશી નાગરિકોની યાદી જિલ્લા ડીસીપીને મોકલી છે. જિલ્લા ડીસીપીએ તમામ થાણાધ્યક્ષોને આ યાદી મોકલી આપી છે. થાણા પોલીસ પોતાના વિસ્તારમાં રહેતા વિદેશી નાગરિકોને શોધી રહી છે અથવા તો વેરિફિકેશન કરી રહી છે. દિલ્હી પોલીસ હેડક્વાર્ટરમાં બેઠેલા એક અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ-પૂર્વ જિલ્લામાં કુલ ૬૫ વિદેશીઓ સમય અવધિ સમાપ્ત થયા બાદ પણ રોકાયેલા છે. તેમાં સૌથી વધારે ૫૧ નાગરિક અફઘાનિસ્તાન, ૫ બાંગ્લાદેશ અને ૪ યુગાન્ડાના છે. અફઘાનિસ્તાનના સૌથી વધારે ૨૩ નાગરિકો હજરત નિઝામુદીન અને ૨૨ લાજપત નગરમાં વસી રહ્યા છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાલખી માર્ગનો શિલાન્યાસ કર્યો



નવી દિલ્હી,

દિવેઘાટથી મોહોલ સુધી લગભગ ૨૨૧ કિલોમીટર લાંબો સંત જ્ઞાનેશ્વર મહારાજ પાલખી માર્ગ અને પાટાસથી ટોંડલે-બોંડલે સુધીના લગભગ ૧૩૦ કિલોમીટર લાંબા હાઈવેને અનુક્રમે ૬૬૯૦ કરોડ રૂપિયા અને ૪૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ફોર તૈયાર કરવામાં આવશે. સાથે વડાપ્રધાન મોદી વિવિધ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ૨૨૩ કિલોમીટરથી વધુ લાંબા અપગ્રેડેડ રોડ પ્રોજેક્ટને પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. જેની કિંમત ૧,૧૮૦ કરોડ રૂપિયાથી વધુ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રમાં સંત જ્ઞાનેશ્વર મહારાજ પાલકી માર્ગ (NH-965)ના પાંચ વિભાગો અને સંત તુકારામ મહારાજ પાલખી માર્ગ (NH-965G) નો શિલાન્યાસ કરશે. વડાપ્રધાન કાર્યાલય એ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પશ્ચિમી રાજ્યના તીર્થસ્થળ શહેર પંઢરપુરમાં લોકોની અવરજવરને સરળ બનાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવશે. પીએમ મોદી આજે બપોરે ૩.૩૦ કલાકે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. રવિવારે એક ટ્વિટમાં આ કાર્યક્રમનું વર્ણન કરતાં PM મોદીએ કહ્યું, "પંઢરપુર લોકોના દિલમાં વિશેષ સ્થાન ધરાવે છે. અહીંનું મંદિર સમગ્ર ભારતમાંથી સમાજના તમામ વર્ગના લોકોને આકર્ષે છે. ૮ નવેમ્બરે બપોરે ૩:૩૦ કલાકે હું પંઢરપુરના ઈન્ફાસ્ટ્રક્ચરના અપગ્રેડેશનને લગતા કાર્યક્રમમાં હાજરી આપીશ." વડાપ્રધાન કાર્યાલય દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે, પંઢરપુર જતા યાત્રિકોને સુવિધા આપવા માટે ધોરીમાર્ગનો વિસ્તાર બનાવવામાં આવશે. મહારાષ્ટ્રનું પંઢરપુર શહેર સંત તુકારામ અને સંત જ્ઞાનેશ્વર સાથે સંકળાયેલું છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગોની બંને બાજુએ 'પાલખીહ્ન માટે ફૂટ વે બનાવવામાં આવશે, જે શ્રદ્ધાળુઓ માટે સરળ અને સલામત માર્ગ પ્રદાન કરશે.

## દિવાળીના તહેવારમાં ફરવા ગયેલા પરિવારનો અકસ્માતમાં મોત

જેસલમેર,

વિશાલ પીલીભાંગામાં સ્કૂલ ચલાવે છે. શાળામાં દિવાળીની રજાઓ ચાલતી હતી. પરિવાર ફરવા નિકળી ગયો હતો. દિવાળીના બીજા દિવસે સાંજે પરિવારના સભ્યો જેસલમેર જવા રવાના થયા હતા. ૬ નવેમ્બરે આ શખ્સોએ રામદેવરામાં રોકાણ કર્યું હતું. ૭ નવેમ્બરે તેઓ તનોટ જવા રવાના થયા. આ સમય દરમિયાન જ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં માર્યા ગયેલા વિશાલ અને તેની પત્ની રિંકુનો પુત્ર આર્યન માત્ર ચાર વર્ષનો છે. તે ગામમાં દાદા રુપરામ અને દાદી સાથે હતો જ્યારે તેના માતાપિતા જેસલમેરની મુલાકાતે હતા. રવિવારના અકસ્માતે તેના માતાપિતાનો પડછાયો તેના માથા પરથી છીનવી લીધો. ગામલોકો પુત્ર આર્યનની ચિંતા માં છે. તેમણે કહ્યું કે હવે ચાર વર્ષના નિર્દોષનું શું થશે.આ દૂર્ઘટનાનો ભોગ બનનારી વિશાલના તાઉના પુત્ર રાજીવની પત્ની અંજૂની તાજેતરમાં ગ્રેડ-૩ની શિક્ષક પરીક્ષામાં પસંદગી કરવામાં આવી હતી. તે થોડા દિવસોમાં જોડાવાની હતી. રાજીવ અને તેમનો પરિવાર ખૂબ ખુશ હતો. તેમણે વિચાર્યુ કે થોડા જ દિવસોમાં પરિવારનો કોઈ સભ્ય સરકારી નોકરીમાં આવી જશે. અંજુના મૃત્યુ બાદથી રાજીવ અને તેનો પરિવાર આઘાતમાં છે. ગામનું વાતાવરણ ગમગીન છે. અકસ્માતમાં એક સાથે પાંચ લોકોના મોતથી સૌને ચોંકાવી દીધા છે.એક ક્ષણમાં રાજસ્થાનના શ્રીગંગાનગરમાં રુપરામ સહારનનાં પરિવાર ભાંગી પડ્યો.

## તામિલનાડુમાં થયેલા તોફાની વરસાદની અસર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પડી શકે છે

અમદાવાદ,

તામિલનાડુના ચેન્નાઈમાં થયેલા તોફાની વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદના લીધે રસ્તા પરથી નદીઓ વહેતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શનિવારે અહીં ૨૧.૫૩ સેન્ટિમીટર વરસાદ નોંધાયો હતો, જ્યારે આ પહેલા ૧૬ નવેમ્બર ૨૦૧૫માં ૨૪.૬ સેન્ટિમીટર વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે મુખ્યમંત્રી એમકે સ્ટાલીન દ્વારા સરકારી કર્મચારીઓની રજા જાહેર કરી દેવામાં આવી છે. તેમણે આ પૂરની પરિસ્થિતિમાં વડાપ્રધાન મોદી દ્વારા પૂરગ્રસ્ત પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે ફંડ જાહેર કરીને રાજ્યને મદદ કરવામાં આવે તેવી માગણી કરી છે. તેમણે આશા છે કે આ પરિસ્થિતિમાં વડાપ્રધાન દ્વારા બનતી તમામ પ્રકારની મદદ કરવામાં આવશે. ગુજરાતમાં ઠંડી જામી રહી છે ત્યારે કમોસમી વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્યમાં અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરના કારણે વરસાદી ઝાપટાં થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને રાજ્યના દક્ષિણ ભાગ અને સૌરાષ્ટ્રમાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલા આગાહી પ્રમાણે રાજ્યના દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, ડાંગ, તાપી અને દાદરા નગર હવેલીની સાથે સૌરાષ્ટ્રના રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, દેવભૂમિ દ્વારકામાં વરસાદી માવઠાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ ઠંડીના ચમકારામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આ માવઠાની આગાહીના કારણે ફરી એકવાર ખેડૂતો ચિંતિત થયા છે. રિપોર્ટ્સ મુજબ ખેડૂતોના તૈયાર થયેલા પાકને કમોસમી વરસાદથી નુકસાન ના પહોંચે તે માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ખેડૂતોને જરુરી પગલા ભરવા માટેની સૂચના આપી હોવાનું પણ સામે આવ્યું છે. તૈયાર થયેલો પાક જે ખુલ્લામાં પડ્યો છે તેને નુકસાન ના થાય તે માટે તકેદારીના પગલા ભરવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. માવઠાની આગાહી વચ્ચે બીલીમોરા, ગણદેવી સહિતના કેટલાક વિસ્તારમાં વરસાદની છાંટા નોંધાયા હતા. આવામાં ખેડૂતોને ડાંગરના ઉભા પાકને નુકસાન થવાની ચિંતા સતાવી રહી છે.

## ઈરાકના PMની હત્યાનો પ્રયાસ : ડ્રોન વડે હુમલો કરાયો

નવી દિલ્હી,

હુમલાના થોડા સમય બાદ પીએમ કદીમીએ ટ્વિટરના માધ્યમથી પોતે સુરક્ષિત હોવાની જાણકારી આપી હતી. તેમણે લખ્યું હતું કે, 'વિશ્વાસઘાતના રોકેટ વિશ્વાસ કરનારા લોકોના મનોબળને તોડી નહીં શકે. અમારા વીર સુરક્ષા દળ દ્રઢ રહેશે કારણ કે, તેઓ લોકોની સુરક્ષા જાળવી રાખવાનું, ન્યાય અપાવવાનું અને કાયદો લાગુ કરવાનું કામ કરે છે.' વધુમાં લખ્યું હતું કે, 'હું ઠીક છું, ઉપરવાળાનો ધન્યવાદ છે, અને હું ઈરાક માટે, સૌને શાંતિ અને સંયમનું આહ્વાન કરૂ છું.' જોકે હજુ સુધી કોઈએ આ હુમલાની જવાબદારી નથી સ્વીકારી. આ તરફ બગદાદના ગ્રીન ઝોન ક્ષેત્રની બહાર ડેરા નાખીને બેઠેલા ઈરાન સમર્થક શિયા ફાઈટર્સના સમર્થકો અને દંગા વિરોધી પોલીસ દળ વચ્ચે શુક્રવારે અથડામણ થઈ હતી જે બાદમાં હિંસક બની ગઈ હતી. આ વિસ્તારમાં વડાપ્રધાન કદીમીનું ઘર અને અમેરિકી દૂતાવાસ આવેલા છે. પ્રદર્શનકારીઓએ ગત મહિને સંસદીય ચૂંટણીના પરિણામોમાં મળેલી હારને નકારી દીધી હતી. ચૂંટણીમાં ઈરાન સમર્થક ફાઈટર્સને ભારે મોટી હારનો સામનો કરવો પડ્યો હતો. તે ઘટનામાં એક પ્રદર્શનકારીનું મોત થયું હતું અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઈરાકના વડાપ્રધાન મુસ્તફા અલ કદીમીની હત્યા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. રવિવારે સવારના સમયે તેમના ઘર પર હુમલો કરવામાં આવ્યો હતો. ડ્રોનમાં લદાયેલા વિસ્ફોટકો દ્વારા આ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો. હુમલો થયો તે સમયે પીએમ કદીમી ઘરે ઉપસ્થિત હતા. ઈરાકી સેનાએ પીએમ પર થયેલા આ હુમલાને અસફળ હુમલો જાહેર કર્યો છે. સેનાના કહેવા પ્રમાણે પીએમ કદીમીને આ હુમલાથી કોઈ જ નુકસાન નથી પહોંચ્યું અને તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ હુમલાને લઈ તમામ જરૂરી પગલાઓ ભરવામાં આવી રહ્યા છે.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# SMVS સ્વામિનારાયણ મંદિર, તીર્થધામ ગોધરના આંગણે નૂતન વર્ષ નિમિત્તે ભવ્ય અન્નકૂટ દર્શન અને દિવ્ય આશીર્વાદ સભાનું આયોજન



સંતરામપુર,
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (એસ.એમ.વી.એસ) આયોજિત તીર્થધામ ગોધર ખાતે નૂતન વર્ષ નિમિત્તે ભવ્ય અન્નકૂટ દર્શન અને દિવ્ય આશીર્વાદ સભાનું આયોજન કરવામાં આવ્યું. નૂતન વર્ષના શુભ પ્રસંગે જગતના લોકો પોતાના દેહ અને દેહના સંબંધીઓને મળવા જતા હોય છે અને સાથે મળીને લૌકિક આનંદને પ્રાપ્ત કરતા હોય છે. પણ જીવાત્માના સાચા સગાં ભગવાન અને ભગવાનના ઘેરથી પધારેલા સાચા સંત છે. અને એમના દર્શન, સત્સંગ, સમાગમ અને આશીવદિ કરીને સાચા અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે.

આ નૂતન વર્ષના દિવ્ય પ્રસંગે SMVS સંસ્થાના ગુરૂજી દિવ્ય સત્પુરૂષ ગુરૂવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામી (પ.પૂ.સ્વામી) દિવ્ય દર્શન, આશીર્વાદ તથા અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. કારણ સત્સંગની રીત પ્રમાણે મૂર્તિનાં સુખની દિવ્ય વાતો, વચનામૃતના અનુસંધાન સાથે વ્હાલા પ.પૂ સ્વામીએ ખૂબ ખૂબ લાભ આપ્યો. સાથે સંસ્થાના સિદ્ધાંત સૂત્ર સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દ્રઢ કરી અનાદિમુક્તની સ્થિતિ પામવીએ જ કારણ સત્સંગ એના પર પણ લાભ આપ્યો. વ્હાવહારમાં કે સત્સંગમાં કોઈપણ તકલીફ, મુશ્કેલી કે સમસ્યા આવે તો મહારાજ અને મોટાપુરૂષ આગળ દાસભાવે , રાંકભાવે, સાચાભાવે કેવી પ્રાર્થના કરવી એની ચાવી સર્વે હરિભક્તોને આપતા મહારાજે અધમ ઉધ્ધારણ અવિનાશી તારા....અને આવો મૂર્તિમાં રાખે ઘનશ્યામ નૌતમ નાવલિયો.... આ બે પ્રાર્થના પર વિશેષ લાભ આપ્યો હતો. અને દિવ્ય સત્પુરૂષ ગુરૂદેવ પ.પૂ. બાપજીના આશીર્વાદનો પણ લાભ મળ્યો. આજના દિવ્ય પ્રસંગે રાજયકક્ષાના મંત્રી માનનીય ડો.પ્રો.કુબેરભાઈ ડીંડોર સાહેબ પણ ઉપસ્થિત રહી વ્હાલા ગુરૂજી પ.પૂ સ્વામીના દિવ્ય આશીર્વાદ, સત્સંગ અને સમાગમનો લાભ લીધો. ભવ્ય અન્નકૂટ દર્શન, વ્હાલા ગુરૂજી પ.પૂ. સ્વામીની અનુભવાત્મક દિવ્યવાણી અને દિવ્ય મહાપ્રસાદનો લાભ લઇ હજારો શ્રદ્ધાળુઓ અને હરિભક્તોએ ધન્યતા અનુભવી. વહાલા પ.પૂ. સ્વામીએ આગામી તા. ૭ થી ૧૧ નવેમ્બર દરમ્યાન યોજાનાર જ્ઞાનસત્ર–૧૫ નો લાભ પોતાના ઝોનના મંદિરોમાં કે સત્સંગ કેન્દ્રમાં લેવા માટે પણ સમગ્ર સત્સંગ સમાજને આજ્ઞા કરી.

# શહેરા પંથકમાં નવા વર્ષની ઉત્સાહભેર ઉજવણી કરાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગર અને તાલુકામાં નવા વર્ષની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. બેસતા વર્ષના દિવસે પંથકના લોકોએ સવારમાં માતાજી અને ભગવાનના મંદિરમાં જઈને દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ એકબીજાને હેતભાવથી શુભેચ્છા પાઠવી હતી. નગર અને તાલુકાના પંથકમાં આવેલ મંદિરોમાં અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભકતોએ દર્શનનો લાભ લીધો હતો. જ્યારે ભાઈબીજની પણ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

શહેરા નગર અને તાલુકામાં નૂતન વર્ષને લોકોએ ઉમંગ અને ઉમળકાભેર આવકાર્યું હતું. ૨૦૭૮ નું નવુ પ્રભાત ઉગ્યુ અને સૌ એ હર્ષોલ્લાસ સાથે ભગવાન સૂર્યનારાયણના દર્શન કરીને નવલા વર્ષને વધાર્યું હતું. પંથકના લોકોએ પોતાના ઘરે દેવી–દેવતાની પૂજા કર્યા બાદ નગર અને ગામમાં આવેલ મંદિરોમાં પહોંચી જઈને માતાજી અને ભગવાનના દર્શન કરી નવું વર્ષ શુભદાયી નીવડે તેવી પ્રાર્થના કરી હતી. નાનાથી લઈને મોટા ઓપણ એકબીજાને મળીને બેસતા વર્ષની હેત ભાવથી શુભેચ્છા પાઠવી હતી. આધુનિક જમાનામાં ફેસબુક અને વોટ્સઅપ દ્વારા દૂર રહેતા સગા સંબંધીઓ તેમજ મિત્રોને નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ પાઠવતા જોવા મળી રહ્યા હતા. જ્યારે નગરમાં આવેલ મહાલક્ષ્મી માતાજી નું મંદિર, રામજી મંદિર, સ્વામિનારાયણ મંદિર, ગોકુલ નાથજી મંદીર અને અંબે માતાજીના મંદિર સહિત તાલુકાના અન્ય મંદિરોમાં વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંદિરો ખાતે યોજાયેલા ભવ્ય અન્નકૂટ દર્શનના ભાવિક ભક્તો એ લાભ લીધો હતો.અને આવતા જતા સૌ એકબીજાને સાલ મુબારક કહેતા નજરે પડી રહ્યા હતા દિવાળી, બેસતા વર્ષ તેમજ ભાઈબીજની આનંદ અને ઉલ્લાસ સાથે પંથકના લોકોએ ઉજવણી કરી હતી.

# વડોદરામાં પોલીસ દ્વારા માનસિક અસ્થિર મહિલાને તેના પરિવાર સાથે મિલાપ કરાવ્યો

વડોદરા,
વારસીયા પોલીસ સ્ટેશન ખાતે એક નાગરિકે જાણ કરી હતી કે, વારસીયા રીંગરોડ ઉપર કલાવતી હોસ્પિટલ સામે આવેલ ખુલ્લા ગ્રાઉન્ડમા એક મહિલા બેભાન અવસ્થામા પડી છે.પોલીસને આ માહિતી મળતાં જ વારસીયા પોલીસ મથકની શી ટીમ ૧ મોબાઈલના ઈન્ચાર્જ વુમન લોક રક્ષક દિપીકાબેન મફતલાલ તથા માધવીબેન તથા ડ્રાઈવર લોક રક્ષક તળશાભાઈ દલાભાઈ સ્થળ ઉપર પહોંચી ગયા હતા. અને બેભાન અવસ્થામાં મળી આવેલ મહિલાને પોલીસ મથકમાં લઈ આવ્યા હતા.પોલીસને કવિતાબેનના કપડા ફાટેલી હાલતમા હોઈ, જેથી વારસીયા શી-ટીમના કર્મચારી તેમજ ઈન્વેના કર્મચારી દ્વારા તેઓને તાત્કાલીક નવા કપડા તેમજ જમવા અંગેની વ્યવસ્થા કરી આપી હતી. તેઓના સરનામા ઉપર જઈ તપાસ કરતા તેઓના પરીવારના સભ્યો મળી આવતા તેઓને તેમના પરીવારના સભ્યોને સોપવામા આવ્યા હતા. તેમજ કવિતાબહેનની આર્થિક પરિસ્થિતી નબળી હોય તેઓને અલગ-અલગ સામાજીક સંસ્થાનો સંપર્ક કરી તેઓને અનાજ-કરીયાણાની કીટની વ્યવસ્થા કરી આપવામા આવી હતી. તેમજ ભવિષ્યમા પણ આર્થીક મદદ પૂરી પાડવાની બાહેધરી આપી હતી.વારસીયા પોલીસ મથકની શી ટીમ રેશમાબહેનને ઘરે મુકવા જતાં, ચાર સંતાનો માતાને જોઈ ખૂશ થઈ ગયા હતા. પોલીસની સરાહનીય કામગીરીને પરિવાર અને સ્થાનિક લોકોએ પણ બિરદાવી હતી. અને પોલીસ શી ટીમનો આભાર વ્યકત કર્યો હતો.વડોદરાના વારસીયા રીંગરોડ ઉપર પોલીસને બેભાન અવસ્થામાં ચાર સંતાનની માતા મળી આવી હતી. જેથી વારસીયા પોલીસ મથકની શી ટીમ દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા તેના પતિના મોત બાદ માનસિક તથા આર્થિક રીતે પડી ભાંગી હોવાનું સામે આવ્યું હતું. મહિલાને બાદમાં તેમના પરિવારને સોંપવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મહિલા માનસિક અસ્વસ્થ હોવાનું જણાયું હતું. દરમિયાન, તેઓનુ નામ અને સરનામું પુછતા મહિલાએ તેમનુ નામ કવિતાબેન(નામ બદલેલ છે)જણાવ્યુ હતું. તેમજ તેમના પરિવાર વિશે પૂછતા તેઓએ જણાવેલ કે, પતિનું ૬ વર્ષ પહેલા અવસાન થયું હતું. સંતાનમા ૪ બાળકો છે. અને આર્થિક પરિસ્થીતી સારી ન હોઈ, અને આવકનુ કોઈ સાધન ન હોઈ, જેથી માનસિક તણાવમા આવી ઘરેથી નીકળી ગયા હોવાનું જણાવ્યું હતું.

# રિક્ષા ચાલકો દ્વારા પોસ્ટરો સાથે CNGના ભાવ ઘટાડો નહીંતો સબસીડી આપો ના નારા લગાવ્યા

અમદાવાદ,
અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યૂં કે રાજય સરકારે ભાડા ઉપરાંત અન્ય પ્રશ્નો બાબતે માત્ર તેમના માનીતા એટલે કે ભાજપના હોદ્દેદાર હોય અને રિક્ષાચાલક પ્રતિનિધિ હોય તેમને બોલાવીને ભાડા વધારા મામલે નિર્ણય લીધો છે. જે માન્ય નથી. જેથી આગામી ૧૫-૧૬ ઓક્ટોબરની હડતાળ યથાવત રહેશે. રિક્ષા ચાલકોના પ્રશ્નો બાબતે વિશ્વાસમાં લેવામાં નથી આવ્યા, માત્ર બે-ત્રણ લોકોને બોલાવીને ભાડા વધારા અંગે જાહેરાત કરી દેવામાં આવી છે. અલગ-અલગ રિક્ષાચાલક સંગઠનોએ પોતાની માંગ અને પ્રશ્નોને લઈને CNG ભાવ વધારા વિરોધ સમિતિ બનાવી હતી. જેથી જે પ્રતિનિધિઓ રાજ્ય સરકારને મળવા ગયા હતા, જેમાં ખોખરા વિસ્તારના રીક્ષા ચાલકોનો સમાવેશ થાય છે, જેઓ આ લડત માટે બનાવેલ સમિતિનો ભાગ ન હતા, તેઓ પણ દાવો અન્ય રિક્ષા ચાલકો તરફથી કરવામાં આવી રહ્યો છે. જેને લઈ હવે રીક્ષા ચાલકોના આંદોલનમાં બે ફાંટા પડતા દેખાઈ રહ્યા છે.અમદાવાદમાં રિક્ષાચાલકોનું આંદોલન યથાવત છે. અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયન નવરંગપુરાના રિક્ષાચાલકોએ મેમનગર પાસે સૂત્રોચાર સાથે CNGના ભાવ વધારા મામલે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. રીક્ષા ચાલકોની મુખ્ય માંગ છે કે CNGનો ભાવ વધારો પરત લેવામાં આવે અથવા તો રીક્ષા ચાલકોને સબસીડી આપવામાં આવે. જેને લઈને રિક્ષાચાલકોએ પોસ્ટરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતાં. અગાઉ રીક્ષા ચાલક સમિતિ દાવો કરી ચુક્યું છે કે રાજય સરકારે ભાડા ઉપરાંત અન્ય પ્રશ્નો બાબતે માત્ર તેમના માનીતા એટલે કે ભાજપના હોદ્દેદાર હોય અને રિક્ષાચાલક પ્રતિનિધિ હોય તેમને બોલાવીને ભાડા વધારા મામલે નિર્ણય લેવામાં આવ્યો હતો. અમદાવાદમાં અલગ અલગ વિસ્તાર પ્રમાણે કુલ ૧૦ રીક્ષા ચાલક યુનિયન છે, જયારે રાજયભરમાં અંદાજે ૨૫ જેટલા રિક્ષાચાલકના સંગઠન કાર્યરત છે. રાજય સરકારે રિક્ષાના ભાડામાં ન્યૂનતમ ભાડું ૧૫થી વધારીને ૧૮ રૂપિયા અને પ્રતિ કિલોમીટર ભાડું ૧૦ થી વધારી ૧૩ રૂપિયાની જાહેરાત કરી હતી.

# વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા વાઈબ્રન્ટ સમિટમાં વિઝન રજુ કરાશે




અમદાવાદ,
હવે જાન્યુઆરી ૨૦૨૨માં યોજાનારી સમિટ માટે અગાઉ જેટલા દેશોમાં રોડ શો યોજવામાં આવતા હતા, તેના કરતાં અડધા દેશોમાં ગુજરાતના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ રોડ શો માટે જશે. અગાઉ સાતથી આઠ ટીમો તમામ ખુણાઓમાં ગુજરાતમાં ઓદ્યોગિક રોકાણ અંગે રોડ શો કરવા જતી હતી. આ વખતે તે ઘટીને માત્ર ચાર ટીમ જ થઈ ગઈ છે. તેમાં પણ હવે વાઈબ્રન્ટ સમિટના આયોજનને ગણતરીના મહિના જ બાકી છે, તેથી પ્રવાસ પણ ખુબ ટુંકા રાખવામાં આવ્યા છે. અગાઉ બિઝનેસમેન અને ઉદ્યોગ જુથ સાથે બેઠકો કરવા આઠથી દસ દિવસના પ્રવાસના સ્થાને હવે માત્ર પાંચ થી છ દિવસના રોડ શો યોજાશકોરોનાને કારણે ૨૦૨૧માં વાઈબ્રન્ટ સમિટ યોજી શકાઈ નથી. હવે સરકારે ૨૦૨૨માં વાઈબ્રન્ટ સમિટ યોજવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સમિટમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગામી દસ વર્ષ માટેનો રોડ મેપ લોન્ચ કરવામાં આવશે. આ રોડ મેપ બનાવવા માટે હાલ યુનિ.ઓના કુલપતિઓની નિમાયેલી કોર કમિટીને કામગીરી સોંપી દેવાઈ છે.કેન્દ્ર સરકારે નવી એજ્યુકેશન પોલીસી લાગુ કરી દીધા બાદ હવે ગુજરાતમાં તેનો ત્વરીત અમલ કરવા માટે સરકારે આયોજનો શરૂ કરી દીધા છે અને જે અંતર્ગત કમિટીઓની રચના બાદ આગામી શૈક્ષણિક વર્ષથી કોર્ષ-પરિણામ પેટર્ન સહિતની કેટલીક મહત્વની બાબતોનો તમામ યુનિ.ઓમાં સમાનપણે અમલ કરવાની યોજના છે આ ઉપરાંત સરકાર દ્વારા ગુજરાત યુનિ.અને જીટીયુના કુલપતિ તેમજ ઉચ્ચ શિક્ષણના અધિકારીઓ સાથેની એક કોર કમિટી પણ તાજેતરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નક્કી કરવામાં આવી છે. આ કમિટીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ સાથે ગુજરાત ઉચ્ચ શિક્ષણ વિકાસ, વિસ્તાર અને વ્યાપ કઈ રીતે થશે તે માટે દસ વર્ષનો રોડ મેપ તૈયાર કરવાની પણ કામગીરી સોંપવામા આવી છે. આ કમિટી સરકારને દસ વર્ષનો રોડ મેપ તૈયાર કરીને આપશે. નવી એજ્યુકેશન પોલીસીનો સંપૂર્ણ અમલ થતા ૨૦ વર્ષ લાગે તેમ છે પરંતુ ૩ વર્ષથી લઈને દસ વર્ષમાં સરકાર સંપૂર્ણ અમલ કરવા માંગે છે.આ રોડ મેપને આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સરકાર દ્વારા લોન્ચ કરવામા આવશે.આ રોડ મેપના આધારે સરકાર દ્વારા રાજ્યની યુનિ.ઓમાં રાજ્ય બહારના અને વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પણ સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઈન હેઠળ વધારવા માંગે છે અને ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે નવા ફોરેન પ્લેયર્સ પણ આવે અને રોકાણ પણ વધે તેવી પણ ચર્ચા છે. આ રોડ મેપમાં દસ વર્ષના સરકારના આયોજનોની જાહેરાત કરાશે. સુત્રો દ્વારા જણાવ્યું કે હાલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારીઓ ચાલી રહી છે અને જેમાં શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ માટેનો દસ વર્ષનો રોડ મેપના લોન્ચિંગ માટેની ખાસ તૈયારીઓ કરવામા આવી રહી છે.આ રોડ મેપ સરકારનું શિક્ષણ ક્ષેત્રે આગામી દસ વર્ષનુ વિઝન રજૂ કરશે અને જેની કામગીરી કુલપતિઓની કમિટીને સોંપાઈ છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સાતથી આઠ રોડ શો યોજાતા અને આખોય મહિના થોડા સમયનાં અંતરે એક -એક ટીમ રોડ શો માટે વિદેશ જતી હતી. તેનાથી વિપરીત આ વખતે ત્રણ ટીમો એક જ તારીખે એટલે ૨૨મીથી ૨૬ નવેમ્બરે ફોરેન રોડ શોમાં જશે. તેમાં યુએસએમાં પ્રિન્સીપલ સેક્રેટરી જે પી ગુપ્તાની ટીમ સાથે ઉદ્યોગપતિઓ જશે. આ ઉપરાંત બીજી ટીમ જાપાન અને કોરીયામાં રોકાણ આકર્ષતા રોડ શો યોજશે. જેને શ્રમ અને રોજગાર વિભાગમાં પ્રિન્સીપલ સેક્રટરી અંજુ શર્મા લીડ કરશે. રૂરલ ડેવલપમેન્ટ કમિશનર સોનલ મિશ્રાની ટીમ જર્મની ફ્રાન્સ અને નેધરલેન્ડ જશે.

# અમદાવાદમાં વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો

અમદાવાદ,
અમદાવાદમાં હાલમાં ધીમા પગલે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. જ્યારે બપોરે ગરમીનો અનુભવ થાય છે.અમદાવાદ શહેરમાં માત્ર પાંચ દિવસમાં જ લઘુત્તમ તાપમાનનો પારો ૬.૭ ડિગ્રી જેટલો ગગડયો છે.અમદાવાદમાં ધીમા પગલે ઠંડીના આગમન થવા ઉપરાંત બેવડી ઋતુના કારણે મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. એક મહિનામાં ડેન્ગ્યુના ૭૭૫ અને ચીકનગુનીયાના ૩૯૯ કેસ નોંધાવા પામ્યા છે.શરદી ઉપરાંત ખાંસી અને શ્વાસની બીમારીના દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. દિવાળીના તહેવાર અગાઉ ખાનગી દવાખાના અને હોસ્પિટલોમાં ચાલતી ઓ.પી.ડી.સારવાર લેવા પહોંચતા દર્દીઓની સંખ્યા પણ વધવા પામી હોવાનું તબીબી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.ગુજરાતમાં કોરોના ઓસરી ગયો છે પરંતુ પાણી અને મચ્છરજન્ય રોગોએ માથું ઉચક્યું છે. રાજ્યમાં હવામાન બદલાતા હવે સિઝનલ વાઈરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો થવા માંડ્યો છે. દિવાળીના તહેવાર દરમિયાન વાઈરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. “ડૉક્ટર ઑન કૉલ”માં છેલ્લા ૪ દિવસમાં ૪૫૦ જેટલા કોલ્સ આવી ચૂક્યા છે. અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા દર વર્ષે દિવાળીમાં “ડૉક્ટર ઑન કૉલ”ની સેવા શરૂ કરવામાં આવે છે. આ સેવા અંતર્ગત ડૉક્ટર દ્વારા ફોન પર જ સલાહ આપવામાં આવે છે.દિવાળીના તહેવારો દરમિયાન કાર્યરત ડૉક્ટરોનું એક વ્હોટ્સઅપ ગ્રુપ પણ બનાવવામાં આવ્યું છે. ધન તેરસથી લાભ પાંચમ સુધી શરૂ કરવામાં આવેલ આ “ડૉક્ટર ઑન કૉલ”ની સેવામાં ૪ દિવસમાં જ ૪૫૦ જેટલા કૉલ્સ આવ્યા છે. જેમાં વાઈરલ ઈન્ફેક્શનના જ ૧૫૦થી વધારે કોલ્સ આવ્યા છે.આ સિવાય સ્કિન પ્રોબ્લેમના ૩૦, માઈનોર ઈન્જરીના ૩૦, ચિકનગુનિયાના ૩૦ તેમજ આંખો સબંધિત ૩૦ જેટલા કૉલ્સ ડૉક્ટર ઑન કૉલ્સમાં આવી ચૂક્યા છે. ખાસ કરીને ભાઈબીજના એક જ દિવસમાં ૧૫૦ જેટલા કોલ્સ “ડૉક્ટર ઑન કૉલ્સ”માં નોંધાયા હતા. મચ્છરજન્ય રોગની સાથે પાણીજન્ય રોગની સ્થિતિ પણ પાણીના પોલ્યુશનની વધતી ફરિયાદોના કારણે ગંભીર બનતી જઈ રહી છે. ૩૦ઓકટોબર સુધીમાં ઝાડા ઉલ્ટીના ૫૪૨ કેસ નોંધાવા પામ્યા છે.ટાઈફોઈડના ૨૦૨ કેસ જયારે કમળાના ૧૨૭ કેસ નોંધાવા પામ્યા છે.કોલેરાનો એક પણ કેસ છેલ્લા એક મહિનામાં નોંધાવા પામ્યો નથી.આ વર્ષે અત્યાર સુધીમાં રેસીડેન્શિયલ કલોરીન ટેસ્ટ માટે ૭૫ હજાર ૮૭૮ સેમ્પલ લેવાયા હતા જે પૈકી ૨૦૨ સેમ્પલમાં કલોરીન રિપોર્ટ નીલ આવ્યો છે. બેકટોરીયોલોજીકલ ટેસ્ટ માટે ૮૨૯૩ સેમ્પલ લેવાયા હતા જે પૈકી ૧૬૧ સેમ્પલ અનફીટ જાહેર થવા પામ્યા છે.

# પેટ્રોલ-ડીઝલમાં છેતરપિંડીની ફરિયાદ પર મંત્રી મુકેશ પટેલ જાતે જ ચેકિંગ કરવા પહોંચ્યા

સુરત,
કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જયારથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થયો છે, ત્યારથી બે-ત્રણ વખત ફરિયાદ મળતા અમે જાતે જ પેટ્રોલ પમ્પ પર તપાસ કરવા માટે પહોંચ્યા હતા. મુકેશ પટેલે પોતાની જ કારમાં ડીઝલ ભરાવતા ડિસ્પ્લે ન દેખાતા શંકા ગઈ હતી. ત્યારબાદ પૂરવઠા અધિકારીને બોલાવ્યા હતા અને તપાસ કરતા પેટ્રોલ-ડીઝલ ઓછું ભર્યુ હોવાનું સામે આવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યા અનુસાર, અન્ય પેટ્રોલ પંપ ઉપર પણ આ રીતે ચેકિંગ કરવામાં આવશે. છેલ્લા ઘણા દિવસથી પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલ ઓછું મળતાની ફરિયાદ પર સુરતમાં ધારાસભ્ય અને મંત્રી જાતે જ પેટ્રોલ પંપ પર ચેકિંગ માટે પહોંચ્યા હતા. દરમિયાન ખાતરી કરવા માટે મંત્રી મુકેશ પટેલે જાતે જ પોતાની કારમાં ડીઝલ ભરાવતા ડીઝલ ઓછું ભર્યુ હોવાની શંકા થતાં તાત્કાલિક પુરવઠા વિભાગને જાણ કરવામાં આવી હતી. જેમાં તપાસ દરમિયાન ખરેખર ડીઝલ ઓછું ભર્યુ હોવાનું સામે આવતા પુરવઠા વિભાગે પંપને સીલ કરીને વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. ધારાસભ્ય અને મંત્રી મુકેશ પટેલને પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ ઓછું પુરતા હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. જેને લઈને મંત્રી પોતે પેટ્રોલ પંપ પર રાત્રિ ચેકિંગ માટે ગયા હતા. મુકેશ પટેલે તપાસ કરવા માટે પોતાની જ કારમાં ડીઝલ ભરાવ્યું હતું. જો કે, તેમની સાથે પણ એવો જ બનાવ બન્યો. પેટ્રોલ પંપ પર ડીઝલ ઓછું ભરવામાં આવતા મંત્રીએ પુરવઠા વિભાગને જાણ કરી હતી અને પુરવઠા વિભાગે પેટ્રોલ પંપને સીલ માર્યું હતું.

# દેશમાં ઓકટોમ્બર માસમાં કોલસાનો સ્ટોક વધી ગયો



નવી દિલ્હી,
કોલ ઈન્ડિયા અસ્થાયી રીતે વિજળી ઉત્પાદકોને કોલસાની આપૂર્તિમાં પ્રાથમિકતા આપી રહી છે. કેન્દ્રીય કોલસા મંત્રી પ્રહલાદ જોશીએ સાર્વજનિક ક્ષેત્રની કોલસા કંપનીઓના પ્રમુખોને આને પ્રાપ્ત કરવા માટે સંશોધિત લક્ષ્ય નિર્ધારિત કરવા અને વિસ્તૃત રણનીતિ બનાવવાનુ કહ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે કોલસા ભારતમાં પ્રમુખ ઈંધણ છે. લગભગ ૭૦ ટકા વિજળીનુ ઉત્પાદન કોલસાથી જ થાય છે. દેશમાં ૧૩૫ પાવર પ્લાન્ટ એવા છે, જ્યાં કોલસાથી વિજળી બનાવવામાં આવે છે. જોકે હજુ પણ સ્ટીલથી લઈને ઓયલ રિફાઈનરી સુધી કેટલાક ઉદ્યોગોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.કોલસા સંકટના કારણે ગયા મહિને બત્તી ગુલની સમસ્યા ઉત્પન્ન થઈ ગઈ હતી. આ સાથે જ ઉદ્યોગ-ધંધાની રફતારમાં પણ બ્રેક લાગી ગયો હતો પરંતુ હવે વિજળીની અછત થવાની નથી કેમ કે કોલસાનો સ્ટોક વધી ગયો છે. વિજળી ક્ષેત્રને કોલસાનો પુરવઠો ઓક્ટોબરમાં ૨૭.૧૩ ટકા વધીને ૫.૯૭ કરોડ ટન પર પહોંચી ગયો. આયાત કિંમતોમાં જોરદાર વધારાની વચ્ચે વિજળીની માગ વધવાથી ક્ષેત્રને કોલસાના પુરવઠામાં વધારો થયો છે. દેશના કેટલાક વિજળી પ્લાન્ટ આ સમયે કોલસાની અછત સામે ઝઝૂમી રહ્યા છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં વિજળી ક્ષેત્રને કોલસાનો પુરવઠો ૪.૬૮ કરોડ ટન રહ્યુ હતુ. સરકારી આંકડા અનુસાર, ગયા મહિને સ્પોન્જ આર્યન ક્ષેત્રને કોલસાના પુરવઠામાં જોકે ૨૯.૨ ટકાનો ઘટાડો આવ્યો અને આ ૬.૫ લાખ ટનથી ઘટાડીને ૪.૬ લાખ ટન પર આવી ગયા. સિમેન્ટ ક્ષેત્રને કોલસાનો પુરવઠો ૬.૮ લાખ ટનથી ૪.૭ લાખ ટન રહી ગઈ. સ્ટીલ અને સિમેન્ટ સિવાય અન્ય ક્ષેત્રોને પણ કોલસાનો પુરવઠો ઘટાડીને ૪૧.૯ લાખ ટન રહી ગઈ, જે એક વર્ષ પહેલા સમાન મહિનામાં ૬૭.૧ લાખ ટન હતી. કેન્દ્રીય કોલસા મંત્રી પ્રહલાદ જોશીએ તાજેતરમાં જ કોલ ઈન્ડિયા અને તેમની જોડાયેલી કંપનીઓને એ સુનિશ્ચિત કરવાનુ કહ્યુ હતુ કે નવેમ્બરના અંત સુધી તાપ વિજળી ઘરની પાસે ઓછામાં ઓછા ૧૮ દિવસનો કોલસા ભંડાર રહ્યો. ઘરેલૂ કોલસા ઉત્પાદનમાં કોલ ઈન્ડિયાની ભાગીદારી ૮૦ ટકાથી વધારે છે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં પારંપરિક રીતે ગાય ગોહરીનો તહેવાર ઉજવાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં દિવાળીના બીજા દિવસે એટલે નવા વર્ષના દિવસે આસ્થા અને વિશ્વાસનો પર્વ એટલે ગાય ગોહરી ખુબ જ ધામધૂમથી ઉજવાય છે. દાહોદ જિલ્લામાં મુખ્યત્વે ગરબાડા ગાંગરડી ઉપરાંત દાહોદ લીમડી ઝાલોદ સહિતના વિસ્તારોમાં ગાય ગોહરી નો પર્વત આદિવાસી સમાજ દ્વારા ધામધૂમથી ઉજવાય છે. જેમાં આ પર્વને નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે છે. આ ગાય ગૌરીના પર્વને આસ્થા અને વિશ્વાસની ચરમસીમા કહેવી અતિશયોક્તિ નહીં કહેવાય કારણ કે સેંકડો ગાયો ના પગ તળે કચડાઈને મન્નત ધારી લોકો દર્દથી ચીસો પાડવાની જગ્યાએ ભગવાનના જયકારા બોલાવે છે. વિભિન્ન માન્યતાઓ અનુસાર ક્યાંક મન્નતધારી લોકો પોતાની માનતા પૂર્ણ થતાં આવી રીતે માનતા પૂરી કરે છે. તો ક્યાંક સ્થાનિક ખેડૂતો વર્ષ દરમિયાન ગાય માતાને જાણ્યા-અજાણ્યા દુઃખો પહોંચાડવાના વસવસા સાથે પ્રાયશ્ચિત માને છે. અન્યમાં નવા વર્ષની શરૂઆત ગાય માતાના ચરણોમાં પડવાથી વર્ષ સારૂં જાય છે સાથે-સાથે મોક્ષનો દ્વાર ખૂલે છે. એવી માન્યતાઓ સાથે લોકો ગાય ગોરી ના દિવસે ગૌ માતાના ચરણોમાં સુઈ જાય છે. આ દિવસે આસપાસના વિસ્તારના લોકો પોતાના ગૌવંશને પારંપારિક રીતે રંગ ફુદુ, કંડો, મોર પીંછું, થી સજ્જ કરી ગામની બહાર સામૂહિક રીતે ભેગા કરી પૂજન કરે છે. ત્યારબાદ ગામના મુખ્ય માર્ગ પર લાવી ગાય ગોહરી પાડવામાં આવે છે.જયાં મન્નતધારી લોકો ગૌમાતા ના ચરણોમાં સૂઈ જતાં ગૌમાતા મને ધારી લોકોના ઉપરથી ગુજરી જાય છે.

# સાંતેજના ૨ દુષ્કર્મ અને હત્યાનો આરોપી ઝડપાયો

ગાંધીનગર,

મૂળ દાહોદનો અને મજૂરી કામ કરતો પરિવાર ખાત્રાજ ચોકડી પાસે રહેતો હતો, આ દરમિયાન ત્રણ વર્ષની બાળકી પણ તેમની સાથે સૂતી હતી ત્યારે આરોપી બાળકીનું અપહરણ કર્યું હતું. આ પછી આરોપીએ બાળકી પર બળાત્કાર કર્યો હોવાની શંકા છે અને તે પછી તેણે ગળું દબાવીને તેની હત્યા કરી નાખી હતી.ગાંધીનગરના સાંતેજમાં શ્રમજીવી પરિવારની ત્રણ વર્ષની બાળકીની હત્યા અને રેપના કેસમાં હજુ તપાસ ચાલી રહી છે. પ્રથામિક તપાસમાં બાળકી પર રેપ થયો હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે, જોકે, ફોરેન્સિક રિપોર્ટ્સ આવ્યા બાદ વધુ વિગતો સામે આવશે અને તે પછી એક દિશામાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે. આ કેસમાં ખાત્રજ ચોકડી પાસેથી બાળકીની લાશ મળી આવી હતી. આ સિવાય ૫ વર્ષની બાળકી પર બનેલી દુષ્કર્મની ઘટનામાં આરોપી ઝડપાયો નથી, પોલીસ આ દિશામાં વધારે તપાસ કરી રહી છે. ૩ વર્ષની બાળકીના કેસમાં કથિત બળાત્કારી ૨૬ વર્ષના વિજયજી ઠાકોર નામના યુવકની પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. આ સાઈકો કિલરની વધુ તપાસ કરવામાં આવી રહી છે. ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચને આ કેસમાં વિજયજી ઠાકોરને ઝડપી પાડવામાં સફળતા મળી છે ત્યારે બીજા કેસ સાથે આ શખ્સનું કોઈ કનેક્શન છે કે નહીં તે અંગે પણ તપાસ કરવામાં આવી શકે છે. આ અંગે પોલીસે જણાવ્યું છે કે, ૫ નવેમ્બરે રાત્રે સાંતેજમાં શ્રમજીવી પરિવારની બાળકી પરિવાર સાથે સૂતી હતી ત્યારે અજાણ્ય શખ્સ લઈ ગયો હતો. જે બાદ તેની લાશ મળી આવી હતી અને પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. આજે ૩ વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યાના કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવવાનો છે, જેમાં બાળકી પર ઝડપાયેલા નરાધમે બળાત્કાર ગુજાર્યો છે કે કેમ તેની સ્પષ્ટતા થઈ જશે. આ સિવાય લગભગ ૫ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ઘટનામાં પોલીસ આરોપી સુધી પહોંચી શકી નથી. આ કેસમાં પોલીસ દ્વારા અલગ-અલગ ટીમ બનાવીને આરોપીની શોધખોળ કરવામાં આવી રહી છે.

# મધ્ય પ્રદેશના પન્ના જિલ્લામાં બોરવેલમાંથી ગેસ નીકળવાની ઘટના સામે આવી

નવી દિલ્હી,

આશરે ૧૫ દિવસ પહેલા ઝુમટાના સરકારી વિદ્યાલય પરિસર ખાતે પાણી માટે બોરવેલ કરાવવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન ત્યાં જ્વલનશીલ ગેસનું ગળતર થવાના કારણે આગ લાગી ગઈ હતી. પ્રશાસને ફાયર વિભાગની મદદથી આગ પર કાબૂ મેળવી લીધો હતો. ત્યાર બાદ દેહરાદુનથી નિષ્ણાંતોની એક ટીમ બોલાવવામાં આવી હતી. નિષ્ણાંતોની ટીમે ગેસ અને પાણીનું પરીક્ષણ કરીને સુરક્ષાને ધ્યાનમાં રાખીને બોરમાં એક મોટી ચીમની લગાવી છે. આ ઘટના બાદ ૨-૩ દિવસ પહેલા ગામના અન્ય કેટલાય બોરવેલમાંથી પણ ગેસ ગળતરની સૂચના મળવા લાગી. ત્યાર બાદ પન્નાના કલેક્ટર સંજય મિશ્રા અને પોલીસ કમિશ્નર ધર્મરાજ મીણા ગામમાં પહોંચ્યા હતા. તેમણે લોકોને સાવધાની વર્તવાની સૂચના આપી હતી. લોકોને જે બોરમાંથી ગેસ ગળતર થતું હોય તેનાથી ૧૦ ફૂટ દૂર રહેવા અને બોરની નજીક કોઈ પણ જ્વલનશીલ વસ્તુ ન લઈ જવાની સૂચના આપી હતી.વિચારો કે, જો તમે પાણી માટે બોરિંગ કરાવી રહ્યા હોવ અને તેમાંથી પાણીના બદલે ગેસ નીકળે તો શું થાય. મધ્ય પ્રદેશના પન્ના જિલ્લામાં આવેલા ઝુમટા ગામ ખાતેથી આવી એક અનોખી ઘટના સામે આવી છે. ત્યાં બોરવેલમાંથી જ્વલનશીલ ગેસનું ગળતર થઈ રહ્યું છે. આ ઘટનાને લઈ ગામલોકોમાં ભારે ભય વ્યાપેલો છે. ગેસ ગળતર અંગેની સૂચના મળતા જ પ્રશાસનની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને બોરવેલ પાસે બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા છે. આ સાથે જ લોકોને ત્યાંથી દૂર રહેવાની પણ સૂચના આપી દેવાઈ છે. પન્નાના કલેક્ટર સંજય કુમાર મિશ્રે ગેસ ગળતરની તપાસ માટે તેલ અને પ્રાકૃતિક ગેસ નિગમ લિમિટેડ (ઓએનજીસી)ના વૈજ્ઞાનિકોના એક વિશેષ દળને બોલાવ્યું છે.

# યમુના નદીમાં ફિણ વાળા પાણીમાં છઠનું વ્રત કરનારા લોકોએ સ્નાન કર્યું

નવી દિલ્હી,

યમુના નદીમાં ઝેરી ફીણ જામ્યા છે અને શ્રદ્ધાળુઓએ તેના વચ્ચે જ સ્નાન કરવું પડ્યું છે. જોકે કોરોનાના પગલે દિલ્હીની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (ડીડીએમએ) દ્વારા યમુના નદીના કિનારે છઠ પૂજાની મંજૂરી નથી આપવામાં આવેલી. કાલિંદી કુંજ વિસ્તારમાં યમુના નદીમાં ઝેરી ફીણ તરી રહ્યા છે અને શ્રદ્ધાળુઓ આવા ફીણ વચ્ચે સ્નાન કરી રહ્યા છે. પાડોશી રાજ્યોમાં પરાળી સળગાવવાના કારણે અને દિવાળી દરમિયાન જે આતશબાજી થઈ તેના કારણે રાજધાની દિલ્હીની હવા ઝેરીલી બની ગઈ છે. યમુના નદીમાં એમોનિયાનું લેવલ વધી જવાના કારણે ફીણ વળ્યા છે અને પાણીના પુરવઠાને પણ અસર પહોંચી છે. યમુના નદીમાં ફીણની વચ્ચે સ્નાન કરવાની તસવીરો સામે આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. ભાજપના નેતા અમિત માલવીયે ટ્વિટર દ્વારા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ઘેર્યા છે. જયારે ભાજપના સાંસદ મનોજ તિવારીએ પણ કેજરીવાલ સરકારને ઘેરીને શું આ કારણે જ યમુના કિનારે છઠ પૂજા પર પ્રતિબંધ મુકચો હતો તેવો સવાલ કર્યો છે. આજથી છઠના મહાપર્વની શરૂઆત થઈ ગઈ છે. દિવાળીના ૬ દિવસ બાદ કારતક માસની છઠ્ઠી તિથિના રોજ છઠનો પર્વ ઉજવવામાં આવે છે. ૪ દિવસના આ પર્વના પહેલા દિવસે નાહવા-ખાવાની પરંપરા હોય છે. રાજધાની દિલ્હીમાં પણ છઠનો તહેવાર ઉજવાઈ રહ્યો છે. પરંતુ દિલ્હીની છઠ ઘાટો પરની જે તસવીરો સામે આવી રહી છે તે ખૂબ જ ચોંકાવનારી છે.

## BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં અન્નકૂટોત્સવ ઉત્સવનું આયોજન કરાયું ૬૦૦ જેટલી વાનગીના ભોગ ભગવાન સામે અર્પણ



દાહોદ,

આપણા હિન્દુ શાસ્ત્રો તથા ભગવાન સ્વામિનારાયણ દ્વારા ઉદ્બોધયેલ અન્નકૂટોત્સવ અથવા ગોવર્ધન પૂજાની રીત પ્રમાણે દાહોદ BAPS જસ્વામિનારાયણ મંદિરમાં પણ ખૂબ જ ભવ્ય અને દિવ્યતાથી આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરૂહરી મહંતસ્વામી મહારાજની આજ્ઞાથી અને પૂ.વેદપ્રિયસ્વામી તથા પૂ.વેદાંતમુની સ્વામીના માર્ગદર્શન હેઠળ ભગવાન આગળ જુદી જુદી ૨૦૦ વાનગીઓ દરેક હરિભક્તોએ પોતાના હાથે ભક્તિભાવથી તૈયાર કરીને અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે દાહોદ શહેર તથા ગ્રામ્ય માથી ૬૦૦ જેટલા પુરૂષ તથા મહિલા હરિભક્તોએ લાભ લીધો હતો.

## દે.બારીયા તાલુકાના સસ્તા અનાજના દુકાનદારોને સમયસર પુરવઠો આપવામાં નિષ્ફળ કેમ ?

દે. બારીયા,

દાહોદ જીલ્લાની સસ્તા અનાજની દુકાનો ઉપર જીલ્લા માંથી સમયસર અનાજનો પુરવઠો સમયસરના આપતા હોવાની સમસ્યા છે. છેલ્લા ઘણા માસ થી ચાલી રહી છે. પહેલા તો એડવાન્સમાં અનાજનો પુરવઠો દુકાનદારો સુધી પહોંચી જતો હતો.

મળતી માહિતી મુજબ જ્યારથી વિના મુલ્યેનો અનાજ આપવાની ઘોષણા થઈ છે. ત્યારબાદ થીજ અનાજનો બન્ને પરવાનો દુકાનદારો સુધી પહોંચાડવામાં વિલંબ થઈ રહ્યો છે. પહેલી તારીખે બાયોમેટ્રીક અંગુઠા લેવાનું શરૂ થઈ જતું હતું અને સાથે અનાજનો જથ્થો લાભાર્થીઓને મળી પણ જતો હતો. હાલમાં પહેલા એટલે પાંચમી બાદ વિના મુલ્યનો જથ્થો આપવામાં આવે છે. ત્યારબાદ મૂલ્યવાળો અનાજનો જથ્થો અપાય છે. ત્યારબાદ ખાંડ માટે અલગથી ધરમનો ધક્કો તો ખરો આમ લાભાર્થીઓને એડી સાથે તમામ પ્રકારનો અનાજ મળી જાય તેવી ગોઠવણ કરવામાં આવે અને ગરીબી રેખાનીચે આવતા તમામ કુટુંબોને એક જ સમયમાં સરકારશ્રીની યોજનાનો એક જ ફેરામાં તમામ જથ્થો મેળવી લેતો સમય અને વારંવાર સસ્તા અનાજની દુકાનનો આંટાફેરા બંધ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

## પીપલોદ લુંટ કેસના આરોપીઓને ૮ દિવસના રીમાન્ડ

દાહોદ,

દાહોદ જિલ્લાના પીપલોદ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. ન-૩૨/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૯૫, ૩૯૭, ૪૧૨, ૧૨૦(બી) મુજબના કામે ખજુરિયા ગેંગના મુખ્ય આરોપીઓ (૧) જવસિંગ ધારકા પલાસ (૨) નીકેશ ઉર્ફે મુકેશ જવસીંગ પલાશ (૩) નરેશ મસુલ નિનામા (૪) દિલીપ ભાઈ રૂપલા ભાઈ બારીયા (૫) સુભાષ ઉર્ફે શોબાન ઉર્ફે લંબુ નવરિયા ભાભોર નાઓ વિરૂદ્ધ ગુજસીટોક (GCTOC) કાયદાની કલમ નો ઉમેરો કરેલ જે અન્વયે આગળની તપાસ માટે આરોપી જવસિગ,નિકેશ તથા દિલીપનાઓને સ્પેશિયલ પી.પી.મારફતે બરોડા ખાતે સ્પેશિયલ કોર્ટ માં રિમાન્ડ માટે રજૂ કરતા તા -૧૫/૧૧/૨૦૨૧ સુધી દિન -૮ ના રિમાન્ડ મંજૂર કરેલ છે.

દાહોદની ખૂબ જાણીતી કચોરીનો ટેસ્ટ વાંદરાને પણ દાઢે વળગ્યો... દેસાઈવાડના શ્રી વલ્લભ ચોકમાં આવી ચડેલ બે મસમોટા વાંદરાઓએ સીતાફળ અને કચોરીની જ્યાફત માણી.



# ૬૦૦ ખેડુતોના મૃત્યુ પર કોઈ નેતા બોલ્યા નથી : સત્યપાલ મલિક



શિલોંગ,

મેઘાલયના રાજ્યપાલે કહ્યું કે હું આગલી વખતે આવીશ, તો ખુલ્લા મને બોલીશ કેમ કે આગામી વખતે કદાચ હુ રાજ્યપાલ જ ના રહુ. પહેલા દિવસે જ્યારે ખેડૂતોના પક્ષમાં હતો તો નક્કી કરી લીધુ હતુ કે દિલ્હીથી કોઈ પણ પ્રકારનો ફોન આવ્યો તો રાજ્યપાલની ખુરશી છોડી દઈશ.મેઘાલયના રાજ્યપાલ સત્યપાલ મલિકે એકવાર ફરીથી ખેડૂત આંદોલનને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. તેમણે કહ્યુ કે ખેડૂત આંદોલનમાં ૬૦૦ લોકો શહીદ થઈ ગયા, પરંતુ ના કોઈ નેતા બોલ્યા અને ના લોકસભામાં શોક પ્રસ્તાવ આવ્યો. દિલ્હીથી એક પત્ર પણ નથી આવ્યો જ્યારે પણ કોઈ પશુ મરે છે, તો દિલ્હીના નેતા શોક સંદેશ જારી કરી દે છે. જયપુરના બિડલા ઑડિટોરિયમમાં આયોજિત ગ્લોબલ જાટ સમિટમાં મલિકે ખેડૂત આંદોલનનુ સમર્થન કર્યુ તથા કેન્દ્ર સરકારને ખેડૂતો સાથે વાત કરવાની અપીલ કરી. તેમણે કહ્યુ કે હુ દિલ્હીના તે ૨-૩ લોકોની ઈચ્છા વિરુદ્ધ બોલી રહ્યો છુ, જેમણે મને ગર્વનર બનાવ્યા પરંતુ તે જ્યારે કહેશે ત્યારે હુ તત્કાલ પદથી હટી જઈશ. સમારોહમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક પદ્મ વિભૂષણ ડૉ. આર એસ પરોદા, ઓલંપિયન મેડલિસ્ટ દેવેન્દ્ર ઝાઝડિયા સહિત શિક્ષણશાસ્ત્રી, સાહિત્યકાર, વૈજ્ઞાનિક, ઉદ્યોગપતિ સમાજસેવી અને જાટ સમાજના ગણમાન્ય લોકો હાજર રહ્યા. કાર્યક્રમમાં આઈએએસ, આરએએસ, પોલીસ સેવા, કૃષિ સહિત અન્ય ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરી. તેજા ફાઉન્ડેશન કરી અને થયેલા આ કાર્યક્રમમાં કહ્યુ કે ખેડૂતોના શહીદ થવા પર અત્યાર સુધી સંસદમાં અમારા વર્ગના એક પણ નેતા બોલ્યા નહીં. સત્ય મલિકે કહ્યુ કે વડા પ્રધાનને મળીને આંદોલનને લઈને મે કહ્યુ હતુ કે આપને ખોટી ધારણા છે. ખેડૂત પોતાના હક માટે દરેક પગલા પર લડશે. કેટલીક ખોટીધારણા છે, ના શિખને ન જાટોને હરાવી શકાય છે. ખેડૂતોની માગ એમએસપીની છે, જે તેમને આપવી જોઈએ. સત્ય મલિકે ખેડૂતોના લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવવાને લઈને કહ્યુ કે પહેલો અધિકાર વડાપ્રધાનનો છે અને બીજો આપણો છે પણ તેને પણ બિનજરૂરી મુદ્દો બનાવવામાં આવ્યો.

## ૮ યાત્રાધામ પર બનશે હેલિપેડ અથવા હેલીપોડ

ગાંધીનગર,

રાજ્ય સરકારે મતવનો નિર્ણય લીધો છે. રાજયના ૮ યાત્રાધામ પર હેલિપેડ અથવા હેલીપોડ બનાવવામાં આવશે. જેમાં ૨૪ કલાકમાં ગમે ત્યારે હેલિકોપટર ઉતરી શકે એ પ્રકારે વ્યવસ્થા કરવાનું આયોજન સરકારે કર્યું છે. જણાવી દઈએ કે ૮ અંબાજી, ડાકોર, દ્વારકા, સોમનાથ, પાલીતાણા, શામળાજીમાં હેલિપેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. સાથે અમદાવાદ એરપોર્ટ પર પણ આ વ્યવસ્થા ઉભી કરાશે. માહિતી પ્રમાણે અમદાવાદમાં આખા ભારતનું બીજા નંબરનું આધુનિક હેલીપોટ બનાવવામાં આવશે. તો આ તમામ કામોને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે આ સાથે જ રાજ્યમાં નવા ૨૯૫ કોઝ-વે બનાવવામાં આવશે, આ વર્ષે વરસાદમાં વિખુટા પડેલા ગામો અંગે સર્વે કરવામાં આવ્યો છે. જેમાં ટોટલ વિખુટા પડી જાય છે એવા ૨૯૫ ગામોને આઈડેન્ટિફાઈ કરાયા છે. ત્યારે આ ગામોએ ૪૭૧ કરોડના ખર્ચે કોઝ-વે બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવી છે.

# દિવસેને દિવસે મચ્છરોનો ત્રાસ વધતો જાય છે : લોકો ડેન્ગ્યુ, મલેરિયાના સકંજામાં ફસાયા



રાજકોટ,

ઘર-ઓફિસમાં ડેન્ગ્યુના મચ્છરને નરી આંખે ઝીણવટથી જુઓ તો ઓળખી શકાય છે, ક્યુલેક્સ મચ્છર સપાટીને સમાંતર ખૂંધ કાઢીને બેસે, મલેરિયા ફેલાવતા ઓનોફિલીઝ મચ્છર ૪૫ ડીગ્રીએ ખૂણો બનાવીને બેસે ત્યારે એડિસ મચ્છર સપાટીને સમાંતર બેસે છે. વળી, જાણકારો કહે છે કે મચ્છર ૭૫ ફૂટ દૂરથી માણસની ગંધ,શ્વાસ પારખી જાય છે અને આંખ નહીં હોવા છતાં જોયા વગર તે માણસ સુધી પહોંચીને કરડે છે. આ મચ્છરોનો ત્રાસ ક્યારે ઓછો થશે? મનપા સૂત્રો કહે છે કડકડતી ઠંડી પડે, ૧૬ સે.થી નીચે તાપમાન જાય અને ટકે ત્યારે એક તો મચ્છરો નિષ્ક્રિય થવા લાગે છે અને બીજું લોકો આંખી બાંયના વસ્ત્રો પહેરતાં હોય છે ત્યારે ડેન્ગ્યુનો ફેલાવો ઘટે છે. આમ, એક-દોઢ માસ હજુ ખતરો વધુ રહેશે અને કડકડતી ઠંડીમાં એ ઘટશે. આ ઉપરાંત ઉનાળામાં જયારે ૪૦ સે.એ તાપમાન પહોંચે ત્યારે પણ આ મચ્છરોને કરડવાનું કામ અશક્યવત્ બની જાય છે. અલબત્ત, મચ્છરે જ્યાં ઈંડાં મૂક્યાં હોય ત્યારે એની સઘન સફાઈ ન થઈ હોય તો આ ઈંડા એક વર્ષ સુધી જીવી શકે અને વરસાદનું પાણી મળે ત્યારે ફરી જીવિત થઈને બહાર આવી શકે છે.ગુજરાતભરમાં દિવસના સમયે અને એમાંય વિશેષતઃ સૂર્યાસ્ત પહેલાં અને સૂર્યોદય પછીના બે કલાક દરમિયાન વધુ કરડતા એડિસ ઈજિપ્ટી પ્રકારના મચ્છરાને કારણે ડેન્ગ્યુ તાવના કેસોમાં અનેકગણો વધારો આ વર્ષે આવ્યો છે. કોરોના વાઈરસનો ચેપ માણસથી માણસમાં પ્રસરે એમ ડેન્ગ્યુ વાઈરસનો ચેપ માણસથી મચ્છરમાં અને મચ્છરથી માણસમાં પ્રસરે છે. આ મચ્છરોને વસતિ વધારવા, એક્ટિવ (કરડવા માટે) રહેવા ૧૬થી ૨૮ સે.વચ્ચેનું તાપમાન અનુકૂળ હોય છે અને એથી વધુ કે ઓછા તાપમાનમાં એ મૃતપ્રાય થાય છે અને હાલ ગુજરાતમાં આવું હવામાન હોય અને એમાં ઉપરથી ભારે વરસાદથી છીછરા, ચોખ્ખા પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ હજુ એકાદ માસ જારી રહેવાની સંભાવના તબીબો જણાવે છે. ધરતી પર મચ્છરોની ૩૦૦૦ જાત છે અને ભારતમાં ૨૫૦ પ્રકારની, એમાં ગુજરાતમાં માત્ર ૨૩ પ્રકારના મચ્છરો હોય છે પરંતુ આ પ્રકારોમાં ડેન્ગ્યુ ફેલાવતા અને ઘર-ઓફિસમાં બંધિયાર છીછરા પાણીમાં પેદા થતા એડિસ ઈજિપ્ટી પ્રકારના મચ્છર સૌથી ખતરનાક હોય છે, જે ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા ગંભીર રોગ ફેલાવે અને મુખ્યત્વે દિવસે કરડે છે. જ્યારે ઓનોફિલીઝ મચ્છરો મલેરિયા ફેલાવે છે અને એ કેસો હાલ નહિવત્ નોંધાય છે. ત્રીજો મુખ્ય પ્રકાર ક્યુલેક્સ મચ્છરોનો છે, જે ગટર, ખાબોચિયાંના ગંદા પાણીમાં પેદા થાય છે અને સૌથી મોટા કદના તથા સૌથી વધુ ડંખ મારનારા હોય છે, જેનાથી હાથીપગો ફેલાય, પણ પણ એના વાઈરસ હાલ સક્રિય નથી, તેથી એ મચ્છરો ન્યૂસન્સ મચ્છરો ગણાય છે. ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છરોની વિગતો રસપ્રદ છે. આ પ્રકારના નર જાતિના મચ્છરો તો ફૂલ અને પાંદડાંનો રસ ખાઈ પેટ ભરી લે છે, મનુષ્યને કરડતા નથી, પરંતુ માત્ર માદા મચ્છરો જ મનુષ્યનું લોહી પીવા કરડે છે. રાજકોટ મનપાના નાયબ આરોગ્ય અધિકારી ડો.પંકજ રાઠોડ આ અંગે માહિતી આપતાં કહે છે, એક વાર ડંખ મારે એટલે માત્ર ૦.૧ મિમી લોહી મનુષ્યના શરીરમાંથી ખેંચે છે, પરંતુ એ દરમિયાન જો આ મચ્છર કોઈ ડેન્ગ્યુ દર્દીને કરડીને સાજા માણસને કરડે એટલે તેને ચેપ ફેલાવે છે. આમ, વ્યાકરણ મુજબ મચ્છર કરડી ગયો કે કરડી ગયું એ નહીં, પણ મચ્છર કરડી ગઈ એ શબ્દપ્રયોગ સાચો છે! મનુષ્યને ૩૨ દાંત હોય છે ત્યારે મચ્છરને ૭૦ દાંત હોય છે. નદી-ગટરમાં પેદા થતા મચ્છર ૩ કિ.મી.દૂર સુધી જઈ શકે પણ ડેન્ગ્યુના મચ્છર માત્ર ૩૦૦ મીટર સુધી જ દૂર જઈ શકે છે, અર્થાત્ એક શેરી-લત્તાનું મચ્છર બીજી શેરીમાં જતું નથી! માદા મચ્છર માટે માણસોને કરડવું તે જીવનનો સવાલ છે. આ મચ્છરનું આયુષ્ય માત્ર ૧૫-૨૦ દિવસનું હોય છે પરંતુ, એટલા જીવનમાં તે ૧૦થી ૧૨ વાર અને દરેક વખતે એક સાથે ૧૫૦-૨૦૦ ઈંડા મુકે છે, જેનો નાશ ન થાય કે ન કરાય તો દરેક ઈંડામાંથી ૭થી ૧૨ દિવસમાં અનુક્રમે લાર્વા, પ્યુપા અને પુખ્તમચ્છર બની જાય છે અને આ મચ્છરની મા જો ડેન્ગ્યુથી ચેપગ્રસ્ત હોય તો તે મચ્છર પણ ડેંગ્યુ ફેલાવે છે!

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.65

## ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં કરવામાં આવેલ

# રીનોવેશન અને બાંધકામની કામગીરીમાં ગેરરીતિ આચરનાર મેનેજીંગ કમીટી બરખાસ્ત

### ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં ૨૦૧૯ના વર્ષમાં રીનોવેશન અને બાંધકામમાં હોદ્દેદારો દ્વારા વધારાના નાણાં ચુકવવામાં આવ્યા હતા




**દૈનિક અખબારમાં રેડક્રોસ ગેરરીતિના અહેવાલના પગલે તપાસ કમીટી રચાઈ હતી**




ગોધરા,

ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં ૨૦૧૯ના વર્ષ નવિન બાંધકામ અને રીનોવેશન કામ કરવામાં આવ્યું હતું. આ કામમાં નાણાંકીય ગેરરીતિ આચરવામાં આવી હોય તેવા અહેવાલ સમાચા પત્રોમાં પ્રસિદ્ધ થતાં તેમજ સામાજીક કાર્યકરની રજુઆતને પગલે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના રીનોવેશન અને નવિન ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ અને પ્રાંત અધિકારી કિસ્સામાં અહેવાલના વર્તમાન હોદ્દેદારોના તથા મેનેજીંગ કમીટીના સભ્યો જવાબદાર હોય જેથી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બંધારણની કલમ-૪૫ મુજબ વર્તમાન કમીટીને બરખાસ્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. સાથે નાણાંકીય ગેરરીતિમાં જવાબદાર હોદ્દેદારો તેમજ મેનેજીંગ કમીટી પાસેથી વધારાની ચુકવણી કરેલ રકમની વસુલાત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં નવિન રખેવાડ કમીટીના પાંચ સભ્યોની કમીટી રચવામાં આવી છે. ઈન્ડીય રેડક્રોસ સોસાયટીના માનવધર્મથી વિપરતી કામગીરી કરનારને હોદ્દેદારોને બરખાસ્ત કરવાના નિર્ણયની સરાહના થઈ રહી છે.

ગોધરા શહેર ખાતે આવેલ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા ૨૦૧૯ના વર્ષમાં ઈન્ડીયન રેડક્રોસ બિલ્ડીંગનું રીનોવેશન અને નવિન બાંધકામ કરવામાં આવ્યું હતું. રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા પોતાના માનીતા ઈજારેદાર કોન્ટ્રાકટરને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના અંદાજીત ૧ કરોડ ૪૦ લાખના કામ કોઈપણ જાતની મંજુરી ટેન્ડર કે વર્ક ઓર્ડર વગર નીતિ નિયમો નેવે મૂકીને સોંપવામાં આવ્યું હતું. રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા પોતાના માનીતા કોન્ટ્રાકટરને ૭૦ લાખ રૂપીયા જેટલું એડવાન્સ ચુકવણું કરી દેવામાં આવ્યું હતું. નવિન બાંધકામ અને રીનોવેશન પેટે ચુકવવામાં આવેલ નાણાંની સામે રેડક્રોસ સોસાયટીમાં ૪૫ લાખ રૂપીયા જેટલું કામ થયેલ હોય અને રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા કોન્ટ્રાકટરને વધારેના નાણાં ચુકવણી કરીને સંસ્થાને આર્થિક નુકશાન કરવામાં આવ્યું હોય

**ગોધરા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના રીનોવેશન અને નવિન બાંધકામમાં નાણાંકીય ગેરરીતિમાં મેનેજીંગ કમીટીને બરખાસ્ત કરી પાંચ સભ્યોની કેરટેકર કમીટીની રચના કરી.**

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા નવિન બાંધકામ અને રીનોવેશન કામગીરીમાં નાણાંકીય ગેરરીતિ આચરવામાં આવી હોય આ બાબતે સામાજીક કાર્યકર કૈલાશ કારીઆ દ્વારા અવારનવાર જીલ્લા કલેકટર અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખને લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હતી. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં ૨૦૧૯ના વર્ષામાં થયેલ કામમાં સંસ્થાના હોદ્દેદારો ગેરરીતિ આચરવામા આવી હોય અને સંસ્થાને આર્થિક નુકશાન કરવામાં આવ્યું હોય ત્યારે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં થયેલ નવિન બાંધકામ અને રીનોવેશન કામગીરીને તપાસ થાય અને હોદ્દેદારો સામે પગલા ભરવામાં આવે તેમજ સંસ્થા આર્થિક માંથી ચુકવવામાં આવેલ વધારાના નાણાંની વસુલાત કરવામાં આવે તેવા અહેવાલ દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં ૨૦૧૯ના વર્ષમાં થયેલ રીનોવેશન અને નવિન બાંધકામમાં કામ કરતા વધારેના નાણા ચુકવણી કરાઈ હોય તેવી તપાસ માટે ઈન્ડીય રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ અને પ્રાંત અધિકારી ગોધરા દ્વારા તપાસ કમીટીની રચના કરવામાં આવી હતી. પ્રાંત અધિકારી અને રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ દ્વારા નિમેલ તપાસ કમીટીનો અહેવાલ આવતાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો અને મેનેજીંગ કમીટીના સભ્યો જવાબદાર હોવાનું સામે આવ્યું હતું. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં વર્ષોથી સિક્કા જમાવીને બેઠેલ હોદ્દેદારોના બરખાસ્ત કરવામાં આવ્યા. હાલ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીમાં નવિન રખેવાળ કમીટીના પાંચ સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે.

**બરખાસ્ત કરેલ મેનેજીંગ કમીટીના સભ્યો સામે ફોજદારી ગુનો દાખલ કરવા ઉઠી માંગ**

વર્ષ ૨૦૧૯માં ગોધરા રેડક્રોસ સોસાયટીમાં કરવામાં આવેલ રીનોવેશન અને બાંધકામની કામગીરી દરમ્યાન ગેરરીતિ આચરી હોવાનું સામે આવતાં જીલ્લા કલેકટરે મેનેજીંગ કમીટી બરખાસ્ત કરી પાંચ સભ્યોની કેરટેકર કમીટીની રચના કરી છે. તેમજ નાણાંકીય ગેરરીતિ માટે વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ની મેનેજીંગ કમીટીના જવાબદારો પાસેથી નાણાંકીય વસુલાત કરવા તેમજ તે અંગે વધુ કાર્યવાહી કરવા કેર ટેકર સમીતીની જવાબદારી સોંપાઈ છે. ત્યારે અગાઉ દિવસોમાં રેડક્રોસ સોસાયટીના રેકર્ડ જેમાં ઠરાવ બુક, પ્રોસેડીંગ બુક જેવા મહત્વના બુકોમાં ચેડાં કરવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. અને તેના અનુસધાનમાં જીલ્લા કલેકટરની સુચના અન્વયે ગોધરાના પ્રાંત અધિકારીએ રેડક્રોસના રેકર્ડો તપાસ અર્થે કબ્જ લેવામાં આવ્યા હતા. તે એક પ્રકારનો ફોજદારી ગુનો બને છે અને ગોધરાની રેડક્રોસ સોસાયટીમાં અનેક પ્રકારની ગેરરીતિ આચરવામાં આવી હોવાનું સામે આવતાં જ જે તે સમયની મનેજીંગ કમીટીની બરખાસ્ત કરવામાં આવી છે. હવે જે જવાબદારો હોદ્દેદારોએ ગુન્હાહીત કૃત્ય કરી છે. અને પોતાની વેપારી પેઢી હોય તે મુજબ પોતાના માનીતા કોન્ટ્રાકટરને આર્થિક લાભ પહોચાડવા માટે બાંધકામની કોઈપણ પ્રકારની મંજુરી કે વર્ક ઓર્ડર વગર કામ આપી લાખો રૂપીયાનું ઉચાપત કરી સોસાયટીને નુકશાન પહોંચાડનાર બરખાસ્ત કરેલ મેનેજીંગ કમીટીના સભ્યો સામે ફોજદારી ગુન્હો દાખલ કરવાની માંગ ગોધરા શહેરીજનો તેમજ સામાજીક કાર્યકર કૈલાસ કારીઆ દ્વારા કરવામાં આવી છે.

### તપાસ કમીટીના અહેવાલમાં સંસ્થાના હોદ્દેદારો અને મેનેજીંગ કમીટી જવાબદાર ઠેરવતા આખરે બરખાસ્ત કરવાનો હુકમ.

## કુંડળધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ચાલી રહેલી ૩૦મી સત્સંગ શિબિરમાં કેરળના રાજયપાલ મહામહિમ આરિફ મહમ્મદ ખાન વિશેષ ઉપસ્થિત રહ્યા

ગોધરા,

સંતોએ કર્યુ સ્વાગત સન્માન, જ્યારે રાજ્યપાલે કુંડળધામ વિશે કરી પ્રશંસા સાથે જ કહ્યું કે અહીં સુખની લાગણી થઈ હું ફરીવાર અહીં આવીશ.

બરવાળા તાલુકાના કુંડળ ગામ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર કુંડળ ધામ ખાતે કેરળના રાજયપાલ આરિફ મહમ્મદ ખાન આજરોજ તારીખ ૪ નવેમ્બર ૨૦૨૧ને સાંજના સમયે વિશેષ દર્શન મુલાકાતે આવી પહોંચ્યા હતા. જ્યાં હાલમાં ચાલી રહેલી ૩૦મી સ્વામિનારાયણ સત્સંગ શિબિરમાં જોડાયા હતા. જેમાં કુંડળધામના પ્રણેતા પૂજ્ય જ્ઞાનજીવનદાસજી સ્વામી દ્વારા રાજ્યપાલનુ પ્રસાદીનો હાર પહેરાવી



સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સત્સંગ સભામાં ઉપસ્થિત દેશ વિદેશના હજારો ભાવિક ભક્તોએ તિરંગો લહેરાવી રાજ્યપાલનુ સ્વાગત કર્યું હતું, રાજ્યપાલ દ્વારા સભામંડપમાં ભવ્યાતિભવ્ય દીપમાળ આરતી કરી હતી, હજારો ભાવિક ભક્તોએ પણ હાથમાં દિવેટ લઈ આરતી કરી હતી, આરતીના ભવ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. ત્યારબાદ સ્વામિનારાયણ મંદિરના દર્શન કર્યા હતા અને કુંડલેશ્વર મહાદેવની પૂજા અર્ચના કરી હતી, તેમજ દરબારગઢની મુલાકાત લીધી હતી, અને ગૌશાળા ખાતે ગાયોને ભોજન કરાવી અને ગૌ માતાનું પૂજન કર્યું હતું. તેમજ ઔષધ વાટિકાની મુલાકાત લઈ અને મંદિર ખાતેની અનેક પ્રકારની ઔષધિ વિશે માહિતી મેળવી હતી. રાજ્યપાલે વિશેષ રાત્રિ સભામાં હાજર રહી અને સભાને સંબોધન કર્યું હતું. સાથે જ અહીં મુલાકાતથી ખુશ થઈ અને રાત્રિ રોકાણ કર્યું હતું. કુંડળધામ સ્વામિનારાયણ મંદિર તરફથી રાજયપાલને મંદિરની ગૌશાળાનું શુદ્ધ ઘી અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ મંદિર દ્વારા રાજયપાલ ને ૫ લાખ રૂપિયાનો સહાય ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જે રકમ રાજ્યપાલ દ્વારા કેરળ મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવાની જાહેરાત કરી હતી. તેમજ આ પ્રસંગે વિવિધ સંસ્થાઓ અને વિશિષ્ટ લોકોને સનમાનીત કરવામાં આવ્યા હતા.

કુંડળધામની મુલાકાત બાદ કેરળના રાજયપાલ આરીફ મહંમદ ખાને જણાવ્યું હતું આ મુલાકાત એમના માટે એટલી પ્રિય રહી કે તેઓએ કહ્યું કે, શબ્દોમાં જણાવી ના શકાય તેવી આ મુલાકાત રહી છે. સ્વામિનારાયણ ભગવાનના દર્શનથી પ્રસન્ન થયા હતા તેમજ ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ વિશે જણાવતાં કહ્યું હતું કે પુસ્તકો કરતા વધારે અનુભૂતિ પર આધારિત છે જે મહેસૂસ કરી શકાય તેવી છે તેવું જણાવ્યું હતું, કુંડળધામની મુલાકાતને લઈ મહત્વનું નિવેદન આપતા કહ્યું કે પ્રભાવિત તો બહુ નાનો શબ્દ છે તેવું જણાવતા કહ્યું કે હું અહીંયા આવી સુખનો અનુભવ કરૂં છું, અને એવું સુખ કુંડળધામની મુલાકાતને લઈ મળ્યું છે કે હું ચોક્કસ હજી પણ અહીં ફરીવાર આવીશ એવું નિવેદન આપ્યું હતું.

## ક્ષત્રિય યુવા સંગઠન દ્વારા નવા વર્ષની ઊજવણી નિમીત્તે ભવ્ય સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના આંબલીખેડા ગામે ક્ષત્રિય યુવાનો આયોજીત ભવ્ય સંતવાણી કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ માં મોટી સંખ્યામાં ગામના લોકો તથા આજુબાજુ ના ગામના આગેવાનો ઊપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત ઊપસ્થિત કલાકારો દ્વારા ગણેશ વંદના થી કરવામાં આવી હતી. ત્યારબાદ શિવરાજપુર આશ્રમથી પધારેલ હિન્દુ ધર્મ સંત સેના પંચમહાલના મંત્રી પરમ પૂજ્ય કરણદાસ મહારાજ બાપુનું સ્વાગત પુષ્પ વર્ષાથી કરવામાં આવ્યું હતું અને પુજ્ય બાપુ ની




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી. ગામના યુવાનોને આહ્વાન કરતા કરણદાસજી બાપુ એ કહ્યુ હતું કે, ક્ષત્રિય ધર્મ શૂરવીરતા અને દાતારીનો ધર્મ છે. ત્યારબાદ સંતવાણીના કાર્યક્રમને આગળ વધારતા કલાકારો અસીમભાઈ, અવિનાશભાઈ તથા વિનોભાઈ ગાયક, લક્ષ્મણભાઈ તબલા ઉસ્તાદ અને પ્રવિણભાઈ બેન્જો ઉસ્તાદ દવારા સંતવાણી ની જોરદાર રમઝટ બોલાવી હતી.

## સગાઈ તોડી નાખતા લાગી આવતા નદીસર ગામે યુવતીની આત્મહત્યા

નદીસર,

ગોધરા તાલુકા ના નદીસર ગામે યુવક ના પરિવારજનો દ્વારા બે વર્ષ અગાઉ કરેલ સગાઈ તોડી નાખતા લાગી આવતા એકવીસ વર્ષીય યુવતી એ ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

ગોધરા તાલુકાના નદીસર ગામે રહેતા પ્રવીણભાઈ રણજીતભાઈ માછીની એકવીસ વર્ષીય પુત્રી આરતીની સગાઈ નદીસર ગામનાજ પિન્કેશ પ્રભાતભાઈ માછી સાથે ૨૦૧૯ માં જ્ઞાતિના રિવાજ મુજબ નક્કી થયેલ હતી અને બન્ને આ સગાઈ થી ખુશ હતા પરંતુ કાકણપૂર પોલીસ મથકે યુવતીના પિતા દ્વારા નોંધાયેલ ફરિયાદ મુજબ આશરે પંદર વીસ દિવસ પહેલા યુવક સાથે યુવક ના માતા પિતા અને બહેન બનેવી બધા સાથે મળીને યુવતીના ઘરે આવી યુવતીના પરિવારજનોની હાજરીમાં જણાવેલ કે, તમારી પુત્રીનો સ્વભાવ બદલાઈ ગયેલ હોય અમારે અમારા પુત્રની સગાઈ તમારી પુત્રી સાથે રાખવી નથી તેવું જણાવી સગાઈ તોડી નાખતા યુવતી સહિત પરિવારજનો ડઘાઈ ગયા હતા અને તેમને આ અંગે આમ ન કરવા વિનંતી કરી હતી, પરંતુ યુવકના પરિવારજનો દ્વારા આ સગાઈ તોડી નાખવા અંગે સ્પષ્ટ કહી દેવામાં આવતા તેમજ યુવક પીકેશની સગાઈ નદીસર ગામનીજ અન્ય યુવતી પિન્કી યોગેશભાઈ માછી સાથે કરી દેવામાં આવ્યો હતો.

આ તરફ સતત બે વર્ષ અગાઉ રહ્યા બાદ સગાઈ તૂટી જતા આરતીને એવું હતું કે, કાલે બધું થાળે પડી જશે અને પિંકેશ મારી સાથેજ લગ્ન કરશે પરંતુ પરંતુ દિવાળીની રાત્રે યુવક પિન્કેશ અને નવી સગાઈ થયેલ યુવતી પિન્કી બન્ને સાથે ફરતા આરતી એ જોઈ લેતા એને ભારે આઘાત લાગ્યો હતો અને કોઈને કંઈ પણ જણાવ્યા વગર રાત્રે દશ વાગ્યાની આસપાસ બાજુ માં આવેલા પોતાના બીજા ઘરમાં જઈ ને ઘર બન્ને તરફ થી બંધ કરી સિલીંગ ફેન સાથે ઓઢણી બાંધી ગળા ફાંસો ખાઈ ને જીવન નો અંત લાવી દીધો હતો. ત્યાર બાદ તેના પિતા એ દરવાજો ખટખટાવતા અંદર કોઈ જવાબ ન મળતા તેમજ બન્ને તરફ થી દરવાજો બંધ જણાતા આસપાસના સગાઓની મદદ થી લોખંડ ની જાળી તોડીને અંદર પ્રવેશતા અંદર આરતીને પંખા સાથે ઓઢણી બાંધી ગળા ફાંસો ખાધેલી હાલતમાં જોતા સૌ હેબતાઈ ગયા હતા. આરતીને નીચે ઉતારી ગામના સ્થાનિક ડોકટર પાસે લઈ જતા તેમને યુવતી મરણ ગયેલ હોવાનું જણાવેલ ત્યાર બાદ યુવતી નજીક ગોઠડા (ટીંબા) સી.એચ.સી ખાતે લઈ ગયેલ જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરેલ હતી. જોકે, પ્રથમ જાણવા જોગ અને બીજા દિવસે સાંજે ભારે કશમકશ બાદ આઈ.પી.સી. કલમ ૩૦૬,૧૧૪ હેઠળ કાકણપૂર પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ જેમાં (૧) પિન્કેશ પ્રભાતભાઈ માછી, (૨) પ્રભાતભાઈ રામાભાઈ માછી, (૩) નંદુબેન પ્રભાતભાઈ માછી, (૪) વર્ષા કિરીટભાઈ માછી, (૫) કિરીટભાઈ સોમાંભાઈ માછી, (૬) રૂચિબેન પ્રભાતભાઈ માછી, (૭) ચંદ્રેશભાઈ રમણભાઈ માછી, (૮) અલકાબેન મહેશભાઈ માછી, (૯) મહેશભાઈ રમણભાઈ માછી .....એમ કુલ નવ વ્યક્તિઓ સામે આરતીના પિતા દ્વારા એફ.આઈ.આર. કરવામાં આવેલ છે.

આ અંગે કાકણપૂર પોલીસ મથક દ્વારા ફરિયાદ નોંધી તપાસ હાથ ધરવામાં આવેલ છે. જ્યારે હજુ વધુ તપાસ બાબતે યુવતીના પી.એમ.રિપોર્ટની પણ રાહ જોવાઈ રહી છે.

## ગોધરા તાલુકાના કોટડા ગામેથી ૭૦ હજારના ઈંગ્લીશ દારૂનો જથ્થો LCBએ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના કોટડા ગામેથી વિદેશી દારૂના ૭૦ હજારનો જથ્થો એલ.સી.બી.પોલીસે ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, કોટડા ગામે રહેતા કલ્યાણસિંહ ચંદ્રસિંહ બારીયા એ પર્વતભાઈ બારીયાના તુવેરના ખેતરમાં પાટીયાના ફેન્સીંગની દિવાલ પાસે ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને સગેવગે કરવાની પરેવી કરી રહ્યો છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે રેડઈ કરી હતી. રેઈડ દરમિયાન રોયલ સીલેકટ ડીલેકસ



વ્હીસ્કી પેટી નંગ-૧૪ કિંમત ૭૦,૫૬૦/-રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પોલીસની રેડ દરમિયાન આરોપી મળી આવ્યા ન હતા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.